RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૯૮૭૯૫૬૯૪૦૦, ફોન : ૮૭૫૮૭૫૫૫૨૨

● સંવત ૨૦૮૨ અષાઢ સુદ -૧૦   શુક્રવાર તા.૨૪-૦૭-૨૦૨૬   અંક : ૩૧૮ વર્ષ : ૨૩   e-mail : sauaajtak@gmail.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

LEELA WORLD WIDE

લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# સુરત, વલસાડ, નવસારીમાં જળપ્રલય!, ઉમરગામમાં ૪૩ ઈંચ

## વલસાડમાં વરસાદનો ૨૪ વર્ષનો રેકોર્ડ તૂટ્યો, નીચાણવાળા તમામ વિસ્તારો બેટમાં ફેરવાયા

વલસાડ,

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ પોતાનું અત્યંત આક્રમક અને રૌદ્ર સ્વરૂપ બતાવ્યું છે. અતિભારે વરસાદના કારણે સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં જળબંબાકારની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ છે.

સૌથી વધુ વિપરીત અસર વલસાડ જિલ્લાના ઉમરગામમાં જોવા મળી છે, જ્યાં માત્ર ૨૮ કલાકના ટૂંકા ગાળામાં ૪૩ ઈંચથી વધુ રેકોર્ડબ્રેક વરસાદ ખાબક્યો છે. આ આકાશી આફતને કારણે નીચાણવાળા તમામ વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે.

વલસાડ જિલ્લામાં અતિભારે




વરસાદની સાથે ફૂંકાઈ રહેલા ચક્રવાતી પવનને કારણે કોસ્ટગાર્ડ અને એરફોર્સ માટે પૂરમાં ફસાયેલાં લોકોને એરલિફ્ટ કરવાનું મુશ્કેલ બન્યું છે. પ્રતિકૂળ હવામાનને પગલે હવે સ્થિતિ પર કાબૂ મેળવવા માટે આર્મીની મદદ લેવાનો નિર્ણય લેવાયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાહત અને બચાવ કામગીરીને યુદ્ધધોરણે પાર પાડવા માટે આર્મીની ટૂકડી મોડી રાત સુધીમાં વલસાડ જિલ્લામાં પહોંચી જાય તેવી પૂરેપૂરી શક્યતા છે.

વલસાડ જિલ્લાની જીવાદોરી સમાન કપરાડાના મધુબન (દમણગંગા) ડેમના ઉપરવાસમાં ભારે વરસાદને કારણે પાણીની વિપુલ આવક નોંધાઈ છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા મોડી રાતથી તબક્કાવાર ડેમમાંથી પાણી છોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. રાત્રિના સમયે ડેમમાં પાણીની આવક વધીને ૩,૨૯,૭૪૩ ક્યુસેક સુધી પહોંચતા તબક્કાવાર પાણી છોડવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુરુવારે બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધીમાં પાણીની આવક ઘટીને ૨,૨૦,૫૯૧ ક્યુસેક અને જાવક ૧,૬૮,૬૫૨ ક્યુસેક નોંધાતા ડેમના ૧૦ દરવાજા ૩.૬૦ મીટર સુધી ખુલ્લા રાખવામાં આવ્યા હતા. હાલ ડેમની જળસપાટી ૭૫.૯૦ મીટરે પહોંચી છે.

સાચેતીના પગલે કપરાડાના મેઘવાળ, વાપીના લવાછા, ડુંગરા, ચણોદ, નામધા, કુંતા અને ચંડોર તેમજ ઉમરગામના કચીગામ, બોરીગામ, મોહનગામ સહિતના નીચાણવાળા ગામોમાં અગાઉથી જ એલર્ટ આપી લોકોને સુરક્ષિત સ્થળે સ્થળાંતરિત કરવામાં આવ્યા છે. જિલ્લા પૂર નિયંત્રણ કક્ષ અને વહીવટી તંત્ર દ્વારા સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

## મુખ્યમંત્રી સાથે પીએમ મોદીએ કરી ચર્ચા, જરૂરી તમામ મદદ માટે કેન્દ્ર સરકાર તૈયાર

ગાંધીનગર,

ગુજરાતમાં ભારે વરસાદ અને અનેક જિલ્લાઓમાં સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યની સ્થતિ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ટેલિફોન પર ચર્ચા કરી હતી. આ દરમિયાન વડાપ્રધાને રાજ્યમાં વરસાદની અસર, રાહત અને બચાવ કામગીરી તેમજ અસરગ્રસ્ત વિસ્તારોની સ્થતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી.

મુખ્યમંત્રીએ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ચાલી રહેલી પરિસ્થિતિ વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી કામગીરી અને નાગરિકોની સુરક્ષા માટે લેવામાં આવેલા પગલાં અંગે વડાપ્રધાનને માહિતગાર કર્યા હતા.ચર્ચા દરમિયાન વડાપ્રધાન મોદીએ કેન્દ્ર સરકાર ગુજરાત સરકાર સાથે સંપૂર્ણ સંકલન રાખીને કામ કરી રહી હોવાનું જણાવ્યું હતું. તેમણે જરૂરિયાત મુજબ દરેક પ્રકારની સહાય અને સંસાધનો ઉપલબ્ધ કરાવવા કેન્દ્ર સરકાર સંપૂર્ણ રીતે તૈયાર હોવાનું પણ આશ્વાસન આપ્યું હતું.

રાજ્યમાં ભારે વરસાદને કારણે અનેક જિલ્લાઓમાં પાણી ભરાવા, નદીઓમાં જળસ્તર વધવા અને બચાવ કામગીરી ચાલુ હોવાથી કેન્દ્ર અને રાજ્ય સરકાર વચ્ચે સતત સંપર્ક અને સંકલન જાળવવામાં આવી રહ્યું છે.

## દક્ષિણ ગુજરાતમાં આકાશી આફતઃ ૨,૯૦૦થી વધુ લોકોનું સ્થળાંતર, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ એક્શનમાં

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે રાજ્ય સરકારને તમામ પ્રકારની મદદની ખાતરી આપી

ગાંધીનગર,

દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદને કારણે સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. વલસાડના ઉમરગામમાં માત્ર ૨૮ કલાકમાં ૪૩ ઈંચથી વધુ વરસાદ નોંધાતા જનજીવન સંપૂર્ણપણે પ્રભાવિત બન્યું છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ખાતે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરી છે, જ્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ રાજ્ય સરકારને તમામ પ્રકારની મદદની ખાતરી આપી છે.

રાહત કમિશનર ગૌરાંગ મકવાણાએ




જણાવ્યું કે સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાંથી અત્યાર સુધીમાં ૨,૯૦૦થી વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે.એનડીઆરએફ,એસડીઆરએફ કોસ્ટગાર્ડ અને એરફોર્સને પણ સ્ટેન્ડ-બાય મોડ પર રાખવામાં આવ્યા છે. કાવેરી નદીના પૂરમાં ફસાયેલા ૧૧ ગામોના ૨૦૦થી વધુ લોકોનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું છે. રાજ્યભરમાં પંચાયત હસ્તકના ૩૦૦થી વધુ રસ્તાઓ બંધ છે, જ્યારે ૨૦૦થી વધુ એસટી બસ ટ્રીપ રદ કરવામાં આવી છે.

સુરત, વલસાડ અને નવસારી જિલ્લામાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અનેક વિસ્તારો પાણીમાં ગરકાવ થઈ ગયા છે. ખાસ કરીને વલસાડ જિલ્લાના ઉમરગામમાં છેલ્લા ૨૮ કલાકમાં ૪૩ ઈંચથી વધુ રેકોર્ડબ્રેક વરસાદ નોંધાયો છે. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા અનેક પરિવારોને સલામત સ્થળે ખસેડવાની ફરજ પડી છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પહોંચ્યા હતા.

## વલસાડમાં મેઘરાજાનો મહાપ્રલય; લોકો છત પર આશરો લેવા મજબૂર

### અતિભારે વરસાદના કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા

વલસાડ,

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં મેઘરાજાએ એવું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે કે સમગ્ર જિલ્લો જળમગ્ન થઈ ગયો છે. વલસાડ જિલ્લામાં છેલ્લા કેટલાક કલાકોથી મેઘાનું અવિરત તાંડવ જોવા મળી રહ્યું છે, જેના કારણે ચારે તરફ માત્ર પાણી જ પાણી નજરે પડી રહ્યું છે. અત્યંત ભારે વરસાદને કારણે વલસાડમાં આકાશી આફત આવી પડી છે અને સ્થાનિક લોકોના જીવ માથે ભારે સંકટ ઊભું થયું છે.

જિલ્લામાં વરસાદી આંકડાઓ સામે આવ્યા છે તે અત્યંત ચોંકાવનારા છે. માત્ર ૨૬ કલાકના ટૂંકા ગાળામાં જ મેઘરાજાએ સમગ્ર જિલ્લાને ધમરોળી નાખ્યો છે. ઉમરગામમાં છેલ્લા ૨૬ કલાકમાં જ રેકોર્ડબ્રેક ૪૨ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો છે. કપરાડામાં ૨૬ કલાકની અંદર ૩૨.૫ ઈંચ જેટલો ભારે વરસાદ નોંધાયો છે. નાનાપોંધામાં ગઈકાલથી અત્યાર સુધીમાં ૩૦ ઈંચ વરસાદ વરસી ચૂક્યો છે. ધરમપુર પંથકમાં પણ અત્યાર સુધીમાં ૨૩ ઈંચ જેટલો વરસાદ પડી ગયો છે.અતિભારે વરસાદના કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા છે. જળબંબોળ સ્થિતિને કારણે રસ્તાઓ, ઘરો અને વેપાર-ધંધા પાણીમાં ગરકાવ થઈ ગયા છે.




## દેશભરમાં વરસાદે તબાહી મચાવી

## આસામમાં પૂરમાં ૪૧ લોકોના મોત, મહારાષ્ટ્રમાં પાણી ભરાઈ ગયા, અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જારી


મુંબઈ


આસામ

નવીદિલ્હી,

દેશભરમાં વરસાદનો તબાહી ચાલુ છે. વાદળ ફાટવા, પૂર અને ભૂસ્ખલનથી અનેક લોકોના મોત થયા છે. આસામમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. વરસાદને કારણે એક જ દિવસમાં દસ લોકોના મોત થયા છે. હવામાન વિભાગે અનેક રાજ્યોમાં રેડ એલર્ટ જારી કર્યું છે. આસામના મુખ્ય સચિવ રવિ કોટાએ પૂર્વોત્તર રાજ્યમાં પૂરની સ્થિતિની સમીક્ષા કરી હતી.જારી કરાયેલી સત્તાવાર જાહેરાત મુજબ, સમીક્ષામાં પૂરગ્રસ્ત ચરાઈદેવ, શિવસાગર, જોરહાટ અને ગોલાઘાટ જિલ્લાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું અને પરિસ્થિતિનો સામનો કરવા માટે વિવિધ વિભાગોની તૈયારીઓની સમીક્ષા કરવામાં આવી હતી.આસામમાં પૂરની સ્થિતિ ગંભીર છે, અત્યાર સુધીમાં ૪૧ લોકોના મોત થયા છે અને ૧૧ જિલ્લાઓમાં ૬.૫ મિલિયનથી વધુ લોકો પ્રભાવિત થયા છે. તેમણે કહ્યું કે સેના, વાયુસેના અને અન્ય એજન્સીઓ રાહત અને બચાવ કામગીરી ચાલુ રાખી રહી છે, અને દૂરના વિસ્તારોમાં ફસાયેલા લોકોને આવશ્યક પુરવઠો પહોંચાડવા માટે ડ્રોનનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તરપૂર્વીય રાજ્યમાં ઘણી મોટી નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે.મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્મા દિવસના અંતમાં ગોલાઘાટ જિલ્લાના કેટલાક સૌથી વધુ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેશે.

## પેપર લીક કેસોનો સામનો કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરાશેઃ વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવીદિલ્હી,

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પેપર લીક કેસ સામે કડક કાર્યવાહીની ખાતરી આપી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં તેમણે લખ્યું, "દેશના યુવાનોનું કલ્યાણ અને ભવિષ્ય અમારી ટોચની પ્રાથમિકતા છે."પીએમ મોદીએ જણાવ્યું હતું કે કેસોનો ઝડપી નિકાલ અને પેપર લીક માટે જવાબદારોને ઝડપી સજા સુનિશ્ચિત કરવા માટે ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે સંબંધિત વિભાગો અને અધિકારીઓને આ સંદર્ભમાં જરૂરી પગલાં લેવા સૂચના આપવામાં આવી છે. પીએમ મોદીએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓના હિતોનું રક્ષણ કરવા માટે સરકાર દ્વારા લેવામાં આવતા નિર્ણયોની શ્રેણીમાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.

વડાપ્રધાનએ એમ પણ કહ્યું હતું કે યુવાનોના ભવિષ્ય સાથે ચેડા કરનાર કોઈપણને બક્ષવામાં આવશે નહીં. વડા પ્રધાન દ્વારા આ જાહેરાત કોકરોચ જનતા પાર્ટી ના નેતૃત્વમાં વિદ્યાર્થીઓ અને યુવાનો દ્વારા દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન આવી છે.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર આ મુદ્દા પર લખ્યું, "યુવાનોનું કલ્યાણ અને તેમનું ઉજ્જવળ ભવિષ્ય મોદી સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા અને સંકલ્પ બંને છે. ફાસ્ટ-ટ્રેક કોર્ટની સ્થાપના અને પેપર લીક માટે જવાબદાર લોકો સામે ઝડપી ટ્રાયલ અને કડક કાર્યવાહી સુનિશ્ચિત કરવાનો વડા પ્રધાનનો નિર્ણય આનું પ્રતિબિંબ છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીનું આ મહત્વપૂર્ણ પગલું પેપર લીક દ્વારા યુવાનોના ભવિષ્યને જોખમમાં મૂકનારાઓ સામે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે.

# રાજકોટ શહેર ત્રણ વર્ષથી એક જ જગ્યાએ ફરજ બજાવતા ૪૯ પોલીસની કર્મી. ઓની બદલી

## શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા બદલીનો ઘાણવોઃ ઓડર ઇસ્યુ

રાજકોટ,

રાજકોટ જિલ્લા પોલીસ બેડામાં મોટા પાયે ફેરફાર બાદ શહેર પોલીસમાં પણ ફેરફાર કરવામાં આવ્યા છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા એક સાથે ૪૯ પોલીસ કર્મચારીઓની પોલીસ હેડ ક્વાર્ટર ખાતે બદલીઓ કરવામાં આવી છે. જેમાં મોટાભાગે મહિલા પોલીસ કર્મચારીઓનો સમાવેશ થાય છે. એક જ સ્થળે ૩ વર્ષ કે તેથી વધુ સમય સુધી ફરજ બજાવતા હોય તેવા મોટા ભાગના તમામ પોલીસ કર્મીઓની બદલી કરવા માટે નિર્ણય કર્યા બાદ ઉચ્ચ અધિકારીઓ દ્વારા યાદી તૈયાર કરી આંતરિક બદલી કરવામાં આવી છે જેમાં પ્રથમ યાદી જાહેર થયા બાદ આવતા દિવસોમાં બાકી રહેલ ૧૫૦ જેટલા પોલીસ કર્મીઓની બદલી પણ નજીકના દિવસોમાં કરવામાં આવે તેવી પુરી શક્યતા સેવાઈ રહી છે. રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા દ્વારા તાજેતરમાં એક યાદી તૈયાર કરવામાં આવી હતી જેમાં એક સ્થળ પર ૩ કે તેથી વધુ વર્ષથી ફરજ બજાવતા હોય તેવા પોલીસ કર્મચારીઓની યાદી બનાવવામાં આવી હતી.

આ પછી તૈયાર કરવામાં આવેલ યાદી મુજબ આજ રોજ પ્રથમ યાદીમાં એક સાથે ૪૯ પોલીસ કર્મચારીઓની બદલી કરી દેવામાં આવી છે જેમાં શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશનમા તેમજ ટ્રાફિક શાખા કે એટેચમે ફરજ બજાવતા પોલીસ કર્મીઓની બદલી શહેર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે કરવામાં આવી છે. આજે પ્રથમ યાદીમાં કુલ ૪૯ પોલીસ કર્મચારીઓની બદલી કરવામાં આવી તેમાંથી



મોટાભાગે એટલે કે ૩૧ મહિલા કર્મચારીઓની પોલીસ હેડ ક્વાર્ટરમાં બદલી કરી દેવામાં આવી છે. આ સાથે બદલી પામેલ કર્મચારીઓને કોઈપણ જાતના બેક રેફરન્સ વગર આજે જ છુટા કરી બદલી પામેલ સ્થળ પર મોકલી આપવા નોંધ કરવામાં આવી છે.

અને તમામ કર્મચારીઓને છુટા કર્યા બાદ અને હાજર થયા અંગેની જાણ ઈ-મેઈલ મારફતે જાણ કરવા સૂચના આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા દ્વારા ૩-૪ વર્ષ કે તેથી વધુ સમય સુધી એક જ પોલીસ સ્ટેશન કે બ્રાન્ચમાં ફરજ બજાવતા હોય તેવા કર્મીઓની યાદી તૈયાર કરવામાં આવી હતી જે બાદ ઉચ્ચ અધિકારીઓની કમિટી દ્વારા સાથે બેસી નિર્ણય કરી જાહેર હીત તેમજ માંગણી મુજબ યોગ્ય જણાય તો જે તે સ્થળ પર બદલી કરવા અંગે ચર્ચા વિચારણા બાદ નિર્મય કરવામાં આવ્યો છે. આજે પ્રથમ યાદીમાં ૪૯ કર્મીઓની હેડ ક્વાર્ટરમાં બદલી બાદ આવતા દિવસો બાકી રહેલ ૧૫૦થી વધુ કર્મીઓની બદલીનો લીથો પણ જાહેર કરવામાં આવે તેવી સમભાવના છે.

# રાજકોટ હોટલ સંચાલકે ઢોર માર મારી કર્મચારીને રોડની સાઈડમાં ફેંકી દીધોનો ગંભીર આરોપ

રાજકોટ,

રાજકોટની આજીડેમ ચોકડી આગળ રોડની સાઈડમાંથી એક પ્રૌઢ ઈજાગ્રસ્ત હાલતમાં અર્ધ બેભાન જેવા પડેલ હોય, ૧૦૮ મારફતે રાજકોટ સિવિલમાં દાખલ કરાયા હતા. પ્રૌઢ હોશમાં આવતા પોતાની આપવીતી વર્ણવતા ખળભળાટ મચી ગયો છે. પોલીસ નિવેદનમાં આક્ષેપ છે કે, હોટલ સંચાલકે આ પ્રૌઢ કર્મચારીને બેફામ માર મારી રોડ પર ફેંકી દીધા હતા. આવી હકીકત સામે આવતા પોલીસ દોડી ગઈ હતી.

આ અંગે મળેલી વિસ્તૃત માહિતી મુજબ, ગુમાનસિંહ ઈમાનસિંહ ઠાકુર (ઉંમર વર્ષ ૫૦) આજીડેમ ચોકડી પાસે, માનસરોવર વિસ્તારમાં ભાવનગર રોડ પર આવેલ રોનક હોટલમાં રહેતા. ત્યાં કામ કરતા હતા. તેમને




તસવીર : દિલિપ ગોહેલ

સંતાનમાં ૧ પુત્રી છે અને એક પુત્ર છે. પત્ની સંતાનો સાથે વતન નેપાળ રહે છે. તેમના નાના ભાઈ મોહનસિંહએ જણાવ્યું કે, હોટલમાં ગુમાનસિંહનો બે - ત્રણ મહિનાનો પગાર બાકી હોય, મંગળવાર રાતે ૧૦ વાગ્યાં આસપાસ તેઓ પગાર માંગવા ગયા ત્યારે હોટલ સંચાલક અને તેમની સાથેના પાંચેક લોકોએ ગુમાનસિંહને બેફામ. માર માર્યો હતો. ગુમાનસિંહ બેભાન જેવા થઈ ગયા હતા. જેથી ગુમાનસિંહને હોટલ બહાર લઈ જઈ રોડ ઉપર ક્યાંક ફેંકી આ બધા ત્યાંથી ચાલ્યા ગયા હતા. સવારે કોઈ રીક્ષા ચાલકનું ધ્યાન રોડની સાઈડમાં પડેલ ગુમાનસિંહ પર પડતા ૧૦૮ને જાણ કરી હતી. ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર બાદ થોડા સ્વસ્થ થયેલ ગુમાનસિંહે પરિવારને હકીકત જણાવી હતી. જેથી જાણ થતા નેપાળી સમાજ ફાઉન્ડેશનના પ્રમુખ સંજયરાજ કારકી સહિતના હોસ્પિટલ દોડી આવ્યા હતા. પોલીસને કડક કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. પોલીસે નિવેદન લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના સુખસાગરમાં મનપાના કર્મી ગળાફાંસો ખાઈ આપઘાત

## ચાર સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો



રાજકોટ,

રાજકોટના ભગવતીપરા પાસે આવેલ સુખસાગરમાં મનપાના કર્મી દિનેશભાઈ સોલંકીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. તેઓએ પોતાના ઘરે પગલું ભર્યું હતું. જોકે આપઘાતનું કારણ અકબંધ છે.

મળતી વિગત અનુસાર, રાજકોટમાં સુખસાગર શેરી નંબર ૪, ભગવતીપરામાં રહેતા દિનેશભાઇ વશરામભાઈ સોલંકી (ઉ.વ.૫૧) સવારે ૧૦.૩૦ વાગ્યાં આસપાસ પોતાના ઘરે હતા ત્યારે ગળાફાંસો ખાઈ લીધો હતો. પરિવારજનોને જાણ થતા ૧૦૮માં ફોન કર્યો હતો. ૧૦૮ના ઈએમટીએ દિનેશભાઈને મૃત જાહેર કરેલ. બી ડિવિઝન પોલીસે મૃતદેહ પીએમ માટે ખસેડ્યો હતો.

પરિવારે જણાવ્યું કે, દિનેશભાઇ રાજકોટ મહાનગર પાલિકાના કાયમી કર્મચારી હતા. તેઓ મૃત પશુને ખસેડવાના કંજરવન્સી વિભાગમાં ફરજ બજાવતા હતા. તેમને સંતાનમાં ૩ દીકરી અને ૧ દીકરો છે. સંતાનોએ પિતાની છત્રછાયા ગુમાવતા પરિવારમાં શોક છવાયો હતો. તેમણે ક્યાં કારણોસર આ પગલું ભર્યું તેના પરિવારજનો અજાણ હોય, પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજકોટના પાંચીયાવદર ગામમાં ચાંદીપુરા વાયરસનો એક કેસ પોઝીટીવ આવતા આરોગ્યતંત્રની ટીમો ઉતારાઈ

## આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા ગામમાં ઘરે-ઘરે જઈને સર્વેલન્સ કામગીરી શરૂ

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં ચાંદીપુરા વાયરસના પગપેસારાના પગલે કલેકટર તંત્ર એલર્ટ બની જવા પામેલ છે જેમાં પાંચીયાવદર ગામે નાના બાળકનો રિપોર્ટ પોઝીટીવ આવતા આરોગ્ય વિભાગના અધિકારીઓની ટીમો ઉતારવામાં આવી છે.

આ અંગેની માહિતી આપતા કલેકટર ડો.ઓમપ્રકાશએ જણાવેલ હતું કે જિલ્લામાં અત્યાર સુધી કુલ ૬ શંકાસ્પદ કેસો નોંધાયા હતા. જેમાંથી ૪ કેસના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે, જેના કારણે તંત્ર અને નાગરિકોએ રાહતનો શ્વાસ લીધો છે. જ્યારે ૧ કેસ હજુ પેન્ડિંગ છે અને ૧ કેસ પોઝિટિવ હોવાનું સાબિત થયું છે.



જે પોઝિટિવ કેસ સામે આવ્યો છે, તે દર્દી ગોંડલ તાલુકાના પાંચીયાવદરગામનો છે. પોઝિટિવ કેસ મળતાની સાથે જ જિલ્લાની આરોગ્ય ટીમ તાત્કાલિક પંછીયાવદર ગામ ખાતે દોડી ગઈ હતી અને સઘન સર્વેલન્સની કામગીરી શરૂ કરી દીધી હતી.

ગોંડલના પાંચીયાવદર ગામે પોઝિટિવ દર્દી મળ્યા બાદ આરોગ્ય વિભાગની વિશેષ ટીમો દ્વારા ગામમાં ઘરે-ઘરે જઈને સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. પંછીયાવદર ગામમાં આશરે ૨૦૦થી વધુ ઘર અને ૧,૦૦૦થી વધુ રહિશોની આરોગ્ય તપાસ અને સર્વેલન્સની કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. આ સર્વે દરમિયાન ખાસ કરીને ૧૫ વર્ષથી ઓછી ઉંમરના નાના બાળકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, કારણ કે આ વાયરસ મુખ્યત્વે બાળકોને વધુ પ્રભાવિત કરે છે. ગામના તમામ બાળકોના સ્વાસ્થ્ય પર નજર રાખવામાં આવી રહી છે અને જો કોઈપણ બાળકમાં શંકાસ્પદ લક્ષણો દેખાય તો તેને તાત્કાલિક મોનિટર કરી સારવાર આપવામાં આવી રહી છે.તેમ કલેકટર ડો. ઓમપ્રકાશએ જણાવ્યું હતું.

# ગોંડલના છેતરપીંડીના ગુન્હામાં વોન્ટેડ આરોપીને રૂરલ એલસીબીએ ઝડપી લીધો

રાજકોટ,

ગોંડલના છેતરપીંડીના ગુન્હા માં વોન્ટેડ આરોપીને રૂરલ એલસીબીએ ઝડપી લીધો હતો.

રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાશતા ફરતા આરોપીઓને પકડવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે રૂરલ એલસીબીએ ગોંડલ સીટી પોલીસ મથકના છેતરપીંડીના ગુન્હામાં આરોપી તેજસ કિશોરભાઇ જડીયા રહે. ગોંડલ જેતપુર રોડ પુનીતનગર વાળો પોતાની ધરપકડ ટાળવા માટે નાશતો ફરતો હોય જેથી મજકુર આરોપી વિશે બાતમીદારો મારફતે સચોટ હકિકત મેળવી ગોંડલ સેન્ટ્રલ ચોક પાસેથી પકડી પાડી આગળની કાયદેસરની કાર્યવાહી કરવા માટે ગોંડલ સીટી પો.સ્ટે. ખાતે આગળની કાર્યાહી સારૂ સોપવામાં આવેલ છે.

આ કામગીરી એલસીબી રાજકોટ ગ્રામ્યના પીઆઇ જે.પી.



રાવ તથા પીએસઆઇ કે.એમ. ચાવડા, પીએસઆઇ એચ.સી. ગોહીલ, પીએસઆઇ આર.વી. ભીમાણી, પીએસઆઇ પી.એન. ભરવાડ, એએસઆઇ બાલકૃષ્ણભાઇ ત્રિવેદી, એએસઆઇ ઈન્દ્રસિંહ જાડેજા, એએસઆઇ જયવિરસિંહ રાણા, એએસઆઇ અનિલભાઇ ગુજરાતી, એચસી પ્રહલાદસિંહ રાઠોડ, એચસી ભગીરથસિંહ જાડેજા, એચસી ધર્મેન્દ્રભાઇ ચાવડા, પીસી રણજીતભાઇ બોરડ, વીજયભાઇ ખડીયા, ભાવેશભાઇ મકવાણા તથા વીજયભાઇ સોહારે કરી હતી.

# જસદણના પાંચવડા ગામ પાસે નદી કાંઠેથી સૂટકેશમાં ભરેલી કોહવાયેલ લાશ મળી

## જીન્સ શર્ટ પહેરલા અજાણ્યા શખ્સના મૃતદેહને ફોરેન્સીક પી.એમ. માટે રાજકોટ ખસેડાયો : હત્યાની આશંકા

રાજકોટ,

જસદણ તાલુકાના પાંચવડા ગામે નદી કાંઠે એક બંધ સૂટકેસમાંથી કોહવાયેલી હાલતમાં અજાણ્યા શખ્સનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી છે. પોલીસે હત્યાની આશંકાએ તપાસને ધમધમાટ શરૂ કર્યો છે. મળતી વિગતો મુજબ આટકોટના પાંચવડા ગામે નદીના કાંઠે એક બિનવારસી બંધ સૂટકેસ પડેલી જણાતા શંકા જતાં પોલીસને જાણ કરી હતી. આટકોટ પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. પોલીસની હાજરીમાં સૂટકેસ ખોલતા અંદરથી અત્યંત કોહવાયેલી અને માત્ર હાડપિંજર/માનવ કંકાલ જેવી હાલતમાં લાશ મળી આવી હતી. મળતકે જીન્સનું પેન્ટ અને શર્ટ પહેર્યું હતું. પ્રાથમિક દૃષ્ટિએ કોઈએ હત્યા કરી પુરાવાનો નાશ કરવા લાશને સૂટકેસમાં પેક કરીને ફેંકી દીધી હોવાની શંકા સેવાઈ રહી છે. બનાવના પગલે આટકોટ પોલીસ ઉપરાંત રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી. અને એસ.ઓ.જી. સહિતની ઉચ્ચ પોલીસ અધિકારીઓની ટીમો પણ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે બારીક નિરીક્ષણ કરી મૃતદેહને ફોરેન્સિક પીએમ માટે રાજકોટ ખસેડવાની તજવીજ હાથ ધરી છે. મૃતક કોણ છે? બનાવ હત્યા કે આત્મહત્યા ? કયા કારણોસર મોત થયું ? તે દિશામાં અલગ-અલગ ટીમો તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

# રાજકોટના નાનામવા ગામમાં દાદીએ ઠપકો આપતા પૌત્રી ઘરેથી નીકળી ગઈ : લાપતા

રાજકોટ,

રાજકોટના નાનામવા નજીક આવાસ ક્વાર્ટરમાં રહેતા પરિવારની ૧૩ વર્ષની પુત્રી ઘર છોડીને ચાલી જતા ગુમ થયાની તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવાઇ છે. તરુણીને ચાઈનીઝ ખાવું હોય પરંતુ દાદીએ ના પાડતા ગુસ્સે થઈ ચાલી ગઈ હોવાનું પોલીસમાંથી જાણવા મળ્યું છે.

બનાવ અંગે રાજકોટના નાના મવા આવાસ ક્વાર્ટરમાં રહેતા અને રિક્ષા ચાલકની ધો.૩ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષીય પુત્રી ગઈકાલે સાંજે દાદી સાથે ઘરે હતી ત્યારે પોતાને ચાઈનીઝ ખાવું હોવાથી દાદી સામે જીદ કરતા દાદીએ ના પાડતા ઉશ્કેરાઈ ઘરેથી નીકળી જતા તેની પાછળ પાઠક સ્કૂલ સુધી તેના દાદી ગયા હતા. પરંતુ ત્યાંથી અચાનક ગાયબ થઈ ગઈ હતી. પરિવારે સાંજ સુધી સગા સ્વજનને ફોન કરી રૂબરૂ જઈ તપાસ કરી હતી પરંતુ કોઈ પત્તો ન મળતા અંગે પુત્રી ગુમ થયાની જાણ તાલુકા પોલીસને કરવામાં આવતા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટમાં પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા દર માસનાં બીજા અને ચોથા શનિવારે નિઃશુલ્ક કેન્સર નિદાન કેમ્પ

રાજકોટ,

છેલ્લા ૨૪ વર્ષથી કાર્યરત શ્રી પુજીત વિજયભાઇ રૂપાણી મેમો. ટ્રસ્ટ રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન તથા અમદાવાદ સ્થિત ગુજરાતની નામાંકિત આસ્થા ઓક્રોલોજી એસોસીયેટસ હેલ્થ કેર ગ્લોબલનાં સંયુકત ઉપક્રમે છેલ્લા એક દસકાથી સમગ્ર વિશ્વને ભરડામાં લઈ લેનાર રોગ કેન્સરને નાથવા દર મહિનાના બીજા તથા ચોથા શનિવારે ટ્રસ્ટના ભવન ખાતે કેન્સર અવેરનેસ તથા નિદાન પ્રોગ્રામ હાથ ધરાયો છે.

જે અંતર્ગત તા. ૨૫/૦૭/૨૦૨૬ શનિવારના રોજ કેન્સર નિષ્ણાંત ડો. હર્ષવર્ધન શુકલ શ્રી પુજીત વિજયભાઇ રૂપાણી મેમો. ટ્રસ્ટ કિલ્લો, ૧-મયુરનગર, રાજકોટ મહાનગરપાલિકા પૂર્વઝોન કચેરી સામે, ભાવનગર રોડ, રાજકોટ. (ફોન નં.૨૭૦૪૫૪૫) ખાતે નિઃશુલ્ક કેન્સર નિદાન કરી અપાશે. જેઓ સમય સવારે ૯ થી ૧૦ વાગ્યા સુધીનો રહેશે. રજીસ્ટ્રેશન રૂબરૂ અથવા ફોનથી પણ કરાવી શકાશે.

આ કેમ્પમાં ગુજરાતના સુપ્રતિષ્ઠિત તબીબ ડો.હર્ષવર્ધન શુકલ સેવાઓ આપશે જે અંતર્ગત મોં, ગળુ, જડબાના કેન્સરનું નિદાન કરી અપાશે. જેનો વિનામૂલ્યે લાભ લેવા ટ્રસ્ટી શ્રીમતિ અંજલિબેન રૂપાણીએ અનુરોધ કર્યો છે. ટ્રસ્ટના મેડીકલ સેન્ટરમાં ટ્રસ્ટીઓ શ્રીમતિ અંજલિબેન રૂપાણી, પ્રવિણભાઇ રૂપાણી, શ્રીમતિ રંજનબેન રૂપાણી, મહેશભાઇ ભટ્ટ, મેહુલભાઇ રૂપાણી, રાજેશભાઇ રૂપાણી તથા અમીનેશભાઇ રૂપાણી સહિતનાઓના માર્ગદર્શન હેઠળ ચાલતા આ પ્રોજેકટમાં સેવાઓ આપવા માટે ટ્રસ્ટની મેડીકલ કમીટીના મેમ્બર્સ ડો.જૈમનભાઇ ઉપાધ્યાય, ડો. નયનભાઇ શાહ, દિવ્યેશભાઇ પટેલ, બિપીનભાઈ વસા, શૈલેષભાઇ લોટીયા, હરીશભાઇ શાહ, કેતનભાઇ મેસવાણી કાર્યરત છે.

વિશેષ માહિતી માટે ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઇ ભટ્ટનો પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ ખાતે રૂબરૂ અથવા ફોન નં. ૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક સાધવા એક યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ ખાતે પોલીસ કર્મી માટે અત્યાધુનિક શૂટિંગ રેન્જ સંકુલનું લોકાર્પણ કરાયું

## શાર્પ શૂટર્સને હવે પોતાના જ હેડ ક્વાર્ટરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રેક્ટિસ કરવાની ઉત્તમ તક મળશે

રાજકોટ,

રાજકોટ શહેર પોલીસ હેડ ક્વાર્ટર ખાતે રમતગમત ક્ષેત્રે એક ઐતિહાસિક સિદ્ધિ સમાન ૧૦ મીટર શૂટિંગ રેન્જ સંકુલનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું છે. પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા ના સીધા માર્ગદર્શન અને પ્રેરણા હેઠળ આ આધુનિક સ્પોર્ટ્સ પ્રોજેક્ટ સાકાર થયો છે. આ નવીન શૂટિંગ રેન્જના નિર્માણથી પોલીસ વિભાગના શાર્પ શૂટર્સને હવે પોતાના જ હેડ ક્વાર્ટરમાં આંતરરાષ્ટ્રીય સ્તરની પ્રેક્ટિસ કરવાની ઉત્તમ તક મળશે.આ સુવિધા માત્ર સ્થાનિક સ્પર્ધાઓ પૂરતી સીમિત નહીં રહે, પરંતુ ભવિષ્યમાં અહીંથી તૈયાર થયેલા પોલીસ કર્મીઓ નેશનલ ગેમ્સ અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ શહેર અને રાજ્યનું નામ રોશન કરશે તેવી મક્કમ આશા વ્યક્ત કરવામાં આવી છે.પોલીસની નોકરી અત્યંત વ્યસ્ત, પડકારજનક અને ૨૪ કલાક માનસિક તણાવથી ભરેલી હોય છે. કાયદો



અને વ્યવસ્થાની જાળવણી વચ્ચે પોલીસ કર્મીઓ પોતાના સ્વાસ્થ્ય અને પરિવાર પ્રત્યે પૂરતું ધ્યાન આપી શકતા નથી.આ ગંભીર બાબતને ધ્યાને રાખીને પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા દ્વારા આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે. પોલીસ જવાનોને શારીરિક રીતે સક્ષમ અને માનસિક રીતે સંપૂર્ણ તણાવમુક્ત રાખવા માટે આ આખું સ્પોર્ટ્સ સંકુલ તૈયાર કરાયું છે. આ રમતગમતના મેદાનો પોલીસ કર્મચારીઓ માટે એક ઉત્તમ 'સ્ટ્રેસ બસ્ટર' સાબિત થશે, જ્યાં તેઓ પોતાની ફરજ પૂરી કર્યા બાદ રમત રમતી વખતે નવો ઉત્સાહ મેળવી શકશે.પોલીસ હેડ ક્વાર્ટરમાં હવે ખરા અર્થમાં ખેલકૂદનો માહોલ જામ્યો છે. અહીં માત્ર શૂટિંગ જ નહીં, પરંતુ તમામ આઉટડોર અને ઈન્ડોર રમતો માટેનું અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવ્યું છે. હેડ ક્વાર્ટરના વિશાળ મેદાન પર પિકલ બોલ, ફૂટબોલ અને બાસ્કેટબોલ માટેના ખાસ કોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. પોલીસ જવાનો હવે આ મેદાનો પર પરસેવો પાડીને ગોલ અને બાસ્કેટ કરતા જોવા મળી રહ્યા છે.તેમજ જવાનોને ઈન્ડોર ગેમ્સમાં રસ છે, તેમના માટે ચેસ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ અને કેરમ જેવી રમતો માટે ખાસ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્ર યુનિ. ફિઝિક્સ ભવનના ૧૦ છાત્રોને ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં નોકરી કરવાની તક સાંપડી

## કુલપતિ અને ભવનના અધ્યક્ષ પ્રોફેસરોએ છાત્રોને શુભેચ્છા આપી

રાજકોટ,

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર ભવનના વિદ્યાર્થીઓએ રાજ્યની પ્રાદેશિક ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાઓ માટે યોજાયેલી ભરતી પ્રક્રિયામાં વિવિધ હોદ્દાઓ પર નોંધપાત્ર સફળતા મેળવી છે.

વિભાગના વિદ્યાર્થીઓની સાયન્ટિફિક આસિસ્ટન્ટ (ફિઝિક્સ), આસિસ્ટન્ટ એક્ઝામિનર ઓફ ક્વેશ્ર્વન્ડ ડોક્યુમેન્ટ્સ, સિનિયર એક્સપર્ટ (ફિંગર પ્રિન્ટ), સર્ચર (ફિંગરપ્રિન્ટ) તેમજ લેબોરેટરી આસિસ્ટન્ટ (ફિઝિક્સ) જેવી વિવિધ જગ્યાઓ માટે પસંદગી થઈ છે. એક જ વિભાગના વિદ્યાર્થીઓની ફોરેન્સિક વિજ્ઞાનની અનેક શાખાઓમાં થયેલી આ પસંદગી ભૌતિકશાસ્ત્રના અભ્યાસની વ્યાપકતા ઉપરાંત વિભાગમાં વિકસાવવામાં આવતા વૈજ્ઞાનિક અભિગમ, પ્રયોગાત્મક કુશળતા અને



વિશ્ર્લેષણાત્મક ક્ષમતાનું પ્રતિબિંબ છે.

સાયન્ટિફિક આસિસ્ટન્ટ (ફિઝીક્સ) તરીકે પાયલ જોષી, તિલક પંડ્યા, ઉદિત ત્રિવેદી અને ધૃતિ કાનાબાર, આસિસ્ટન્ટ એક્ઝામિનર ઓફ ક્વેશ્ર્વન્ડ ડોક્યુમેન્ટ તરીકે વૈશાલી ચાંદેગરા અને ક્રિના રામાણી, સિનિયર એક્સપર્ટ (ફિંગરપ્રિન્ટ) તરીકે હેતલ ગોહિલ, સર્ચર (ફિંગરપ્રિન્ટ) તરીકે વશિષ્ઠ જાની તથા લેબોરેટરી આસિ. (ફિઝિક્સ) તરીકે ઉર્મિલા ખટાણાની પસંદગી થઈ છે. આ તમામ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાત્મક પસંદગી પ્રક્રિયાઓમાં સફળતા મેળવી પોતાના જ્ઞાન, કૌશલ્ય અને વૈજ્ઞાનિક અભિગમની પરિચય આપ્યો છે.વિવિધ વિશેષતાઓ ધરાવતા આ હોદ્દાઓ પર વિભાગના વિદ્યાર્થીઓની પસંદગી એ દર્શાવે છે કે ભૌતિકશાસ્ત્રના વિદ્યાર્થીઓ માત્ર એક જ ક્ષેત્રમાં નહીં, પરંતુ ફોરેન્સિક વિજ્ઞાનની વિવિધ શાખાઓમાં પણ સફળતાપૂર્વક પોતાની ભૂમિકા નિભાવવા સક્ષમ છે.આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર ઉત્પલભાઇ જોશી, કુલ સચિવ અજયસિંહ જાડેજા અને ભૌતિકશાસ્ત્ર ભવનના અધ્યક્ષ પ્રોફ. નિકેશ શાહે વિદ્યાર્થીઓની આ સિદ્ધિને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે વિભાગના વિદ્યાર્થીઓ સતત નવા અને ઉભરતા ક્ષેત્રોમાં પોતાની પ્રતિભા સાબિત કરી રહ્યા છે. ફોરેન્સિક વિજ્ઞાનના વિવિધ વિભાગોમાં વિદ્યાર્થીઓ માટે પણ નવી પ્રેરણા સમાન છે.

# રાજકોટના રેલનગરમાં ફોન નંબર સાથે બિભત્સ કોમેન્ટ્સ લખી પરિણીતાને બદનામ કરવાનો પ્રયાસ

### પરિણીતાને તેનો જ એક પાડોશી છેલ્લા કેટલાક સમયથી અસહ્ય માનસિક ત્રાસ આપતો હોવાની ફરિયાદ

રાજકોટ,

રાજકોટ શહેરના રેલનગર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાને પડકારતી એક શરમજનક ઘટના સામે આવી છે, જ્યાં રહેતી ૩૮ વર્ષીય પરિણીતાને તેનો જ એક પાડોશી છેલ્લા કેટલાક સમયથી અસહ્ય માનસિક ત્રાસ આપી રહ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાધુવાસવાણી કુંજ રોડ પર રહેતા હાર્દિક મહેશભાઈ પોપટ નામના શખસે આ નીચ કૃત્ય આચર્યું છે. પરિણીતાના પતિ ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને દંપતીને સંતાનમાં બે પુત્રો છે. ગત તા. ૨૭મી મેના રોજ બપોરે પરિણીતાના પતિ નોકરી પર ગયા હતા ત્યારે આરોપી હાર્દિક પોપટે બદઈરાદાથી પરિણીતા તથા તેના પતિના મોબાઈલ નંબર સાથે અત્યંત બિભત્સ કોમેન્ટ્સ લખીને એક વાંધાજનક પોસ્ટર સોસાયટીના મુખ્ય નાકા પર લગાવી દીધું હતું. આ ઘટના સમયે પરિણીતાએ પોલીસમાં લેખિત જાણ કરી હતી, પરંતુ આરોપીની માનસિકતામાં સુધારો થયો ન હતો.

આ શરૂઆતી હરકત બાદ પણ હાર્દિક પોપટનો ત્રાસ અટક્યો ન હતો, પરંતુ તેમાં વધારો થયો હતો. આરોપી અવારનવાર પરિણીતા જ્યારે તેના પુત્રોને સ્કૂલ બસમાં બેસાડવા કે બજારમાં ખરીદી કરવા જતી ત્યારે તેનો પીછો કરતો હતો. તે પરિણીતા અને તેના પરિવારના ફોટા પાડીને તેમાં બિભત્સ કોમેન્ટ્સ જોડીને શેર કરતો હતો અને જાહેરમાં છેડતી કરી હેરાનગતિ કરતો હતો. જ્યારે પરિણીતાએ તેને આ કૃત્ય કરવાની ના પાડી ત્યારે તે ઉશ્કેરાઈ ગયો હતો અને ધમકી આપી હતી કે જો આ બાબતે કોઈને જાણ કરીશ કે ફરિયાદ કરીશ તો તને, તારા પતિ તેમજ બાળકોને જાનથી મારી નાખીશ. આ ખુલ્લી ધમકીથી પરિવાર ભયના સાયા હેઠળ જીવતો હતો. દરમિયાન હાર્દિકે સોસાયટીના વોટ્સએપ ગ્રુપમાં બપોરના સમયે ફરીથી ખરાબ કોમેન્ટ્સ કરી હતી. પાડોશી દ્વારા કરવામાં આવતી આ અસહ્ય પજવણી અને જાનથી મારી નાખવાની ધમકીઓથી ત્રસ્ત થઈને આખરે પરિણીતાએ પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં આરોપી હાર્દિક મહેશભાઈ પોપટ વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી હતી. પરિણીતાની ફરિયાદના આધારે પ્ર.નગર પોલીસે આરોપી સામે સતામણી કરવા, બદનામ કરવા અને ધમકી આપવા બદલ ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

# ગોંડલની બેંકમાં ગોલ્ડ લોન લેવા ગયેલા યુવાનના અઢી લાખના રજવાડી હારની ચોરી

### બેંકમાં ભીડ હોવાથ પરત ફરતા હાર ચોરાઇ ગયાનું માલુમ પડયુ : પોલીસમાં રાવ

રાજકોટ,

ગોંડલમાં શિવમ રેસીડેન્સીમાં રહેતા યુવકનો રૂપિયા અઢી લાખની કિંમતનો સાડા ચાર તોલાનો સોનાનો રજવાડી હાર લઈને બેંકમાં ગોલ્ડ લોન લેવા માટે ગયો હતો. દરમિયાન તેનો આ હાર કોઈ અજાણ્યો શખસ ચોરી કરી ગયો હતો. જે અંગે તેણે ગોંડલ સીટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બનાવ અંગે ગોંડલમાં નવા માર્કેટિંગ યાર્ડ પાસે શિવમ રેસીડેન્સીમાં રહેતા જયદીપ માવજીભાઈ મકવાણા (ઉ.વ. ૩૫) નામના યુવાને નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તે ગોંડલમાં જય સીયારામ ટ્રેડર્સમાં નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગઈ તા.૧૫ ના સવારના તેને પૈસાની જરૂરિયાત હોય તેથી તેણે પોતાની પત્નીનો આશરે સાડા ચાર તોલાનો અઢી લાખની કિંમતનો રજવાડી હાર લઈ એસબીઆઇ બેંકમાં ગોલ્ડ લોન માટે ગયો હતો. જે સોનાનો હાર પેન્ટના ખીસ્સામાં રાખ્યો હતો પરંતુ બેંકમાં ભીડ હોય જેથી દસ પંદર મિનિટ સુધી બેંકની બહાર ઉભો રહી બાદમાં તે ત્યાંથી બાઈક લઈ ઘરે જવા નીકળ્યો હતો. બાઈક લઈ અલખના ઓટલા પાસે પહોંચતા પેન્ટના ખીસ્સામાં જોતા હાર ખીસ્સામાં ન હતો.

જેથી તુરંત જ કડિયા લાઈનમાં આવેલ એસબીઆઇ બેક્રમાં પરત ગયો હતો અને ત્યાં આજુબાજુ તથા અલખના ઓટલા સુધીના રસ્તે હાર શોધ્યો હતો. પરંતુ હાર ક્યાંય મળી આવ્યો ન હતો. જેથી રૂપિયા અઢી લાખની કિંમતનો સોનાનો આ હાર કોઈ શખસ ચોરી કરી ગયા અંગે યુવાને આ ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના આધારે ગોંડલ સીટી પોલીસે ગુનો નોંધી તસ્કરની શોધખોળ આદરી છે.

## જુનાગઢ સજા વોરંટમાં ફરાર આરોપી ઝડપાયો



જૂનાગઢ

પ્રિન્સિપાલ જજ ફેમીલી કોર્ટના ફો.પ.અ.નં. ૪૩૪/૨૦૨૬ ના કામે ૯ માસની સજા પામેલ આરોપી- દિનેશભાઈ ગોરધનભાઈ બગથરીયા રહે. હાલ જુનાગઢ, ઝાંજરડા રોડ પાસે હોવાની બાતમી હકિકત આધારે તપાસ કરતા પ્રભુનગર-૨ 'મોમાઈ ક્રુપા'વાળો મળી આવતા તેને પકડી પાડી જુનાગઢ જીલ્લા જેલ હવાલે કરવામા આવેલ છે. આ કામગીરી જુનાગઢ બી ડિવિઝન પોલીસ સ્ટ્રેશનના પોલીસ ઈન્સ.ડી.વી.ડાંગર તથા એ.એસ.આઇ. આર.એ.ઉપાધ્યાય તથા પો.કોન્સ.વિક્રમભાઈ કલોતરા તથા પો.કોન્સ. હરસુખભાઈ સોંદરવા તેમજ પો.કોન્સ.મજબુતસિંહ સિસોદીયા નાઓએ સાથે રહીને કરેલ છે.

# રાજકોટ જિલ્લામાં ખેતીની જમીનનો કોમર્શિયલ ઉપયોગ કરતા ૧૮ ખાતેદારોને ૨.૧૮ કરોડનો દંડ

### જમીનના નિયમો વિરુદ્ધ જઈને હેતુફેર કરવા અને શરતોનો ભંગ કરવાના ગંભીર કિસ્સાઓમાં કડક કાર્યવાહી

રાજકોટ,

રાજકોટ જિલ્લામાં જમીનના નિયમો વિરુદ્ધ જઈને બિનઅધિકૃત રીતે વાણિજિયક ઉપયોગ કરવા, હેતુફેર કરવા અને શરતોનો ભંગ કરવાના ગંભીર કિસ્સાઓમાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અત્યંત કડક પગલાં લેવામાં આવ્યા છે. લેન્ડ રેવન્યુ કોડ ની કલમ ૬૫ તથા ૬૬ હેઠળ તા. ૨૫/૦૩/૨૦૨૫ થી તા. ૧૬/૦૭/૨૦૨૫ ના સમયગાળા દરમિયાન જિલ્લામાં શરતભંગના ૧૮ મામલાઓ બહાર આવ્યા છે. જિલ્લામાં જમીનનો ગેરકાયદે ઉપયોગ કરનાર આસામીઓ અને સંચાલકો સામે તંત્ર દ્વારા કુલ રૂ. ૨,૧૮,૧૧,૪૩૫/- જેટલો માતબર દંડ વસૂલવાનો હુકમ કરવામાં આવ્યો છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અને વિગતો મુજબ, રાજકોટ શહેર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારો અને તાલુકાઓમાં ખેતીની જમીનનો બિનખેતી કર્યા વગર કે પછી મંજૂર થયેલી શરતોથી વિપરીત જઈને કોમર્શિયલ ઉપયોગ, પાર્ટી પ્લોટ, હોટેલ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, ઓઈલ મિલ તેમજ ધાર્મિક બાંધકામ જેવા વિવિધ હેતુઓ માટે મોટા પાયે ગેરરીતિઓ આચરવામાં આવી રહી હોવાનું ધ્યાને આવ્યું હતું.

જેમાં ખોખડદળ (રાજકોટ તાલુકો) – અંદાજિત દંડની રકમઃ ૨,૭૭,૫૩૦,મુજકા (રાજકોટ તાલુકો) અંદાજિત દંડની રકમઃ ૧,૧૦,૮૪૫, મુજકા (રાજકોટ તાલુકો) અંદાજિત દંડની રકમઃ ૨૪,૭૭,૩૮૦,આટકોટ (જસદણ) અંદાજિત દંડની રકમઃ ૧૨,૧૪૧, પાળ (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૭,૪૬,૨૩૦, આટકોટ (જસદણ) –અંદાજિત દંડની રકમઃ ૭,૬૮૬, જેતપુર-૧ અંદાજિત દંડની રકમઃ ૧૩,૨૦,૨૭૦, નવાગામ (જસદણ) અંદાજિત દંડની રકમઃ ૪,૮૬૪/, ફરેણી (તા. ધોરાજી) અંદાજિત દંડની રકમઃ ૪૬,૨૦૦, પારડી (તા.લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૫,૨૮,૦૦૦, પાળ (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૧૦,૮૫,૭૮૦, ઢોલરા (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૪,૦૪,૯૧૦, ઢોલરા (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૬,૧૪,૧૦૦, રૈયા-૪ (રાજકોટ પશ્ચિમ) અંદાજિત દંડની રકમઃ ૩૩,૧૨,૨૭, પાળ (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૨૭,૨૬,૦૧૦ ક્રમ ૧૬ઃ પાળ (લોધીકા) અંદાજિત દંડની રકમઃ ૨૭,૨૬,૦૧૦, ખોખડદળ (રાજકોટ તાલુકો) અંદાજિત દંડની રકમઃ ૪,૬૧,૦૧૬, રાજકોટ-૪ (રાજકોટ દક્ષિણ) અંદાજિત દંડની રકમઃ ૪૮,૫૦,૭૬૦ સહિતના કુલ દંડની રકમઃ ૨,૧૮,૧૧,૪૩૫ નો દંડ ફટકારવામાં આવ્યો છે.

# રાજકોટ જિલ્લા જેલમાં પાકા કામના કેદીએ કાચના ટુકડા ખાધા

### આપઘાતનો પ્રયાસ કરતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

રાજકોટ,

રાજકોટ જિલ્લા જેલમાં પાકાના કેદીએ કાચના ટુકડા ખાઇ આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે પોલીસે હોસ્પિટલે દોડી જઇ જરૂરી કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ પોપટપરા જિલ્લા જેલમાં રહેલા પાકા કામના કેદી પ્રકાશ પ્રભુદાસ દેસાણી (ઉ.વ.૩૪)નામના યુવાને ગત તા.૨૧ના સાંજે જેલની બેરેકમાં હતો. ત્યારે અગમ્ય કારણોસર કાચના ટૂકડા ખાઇ આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી જેલના સ્ટાફ દ્વારા તેને પ્રાથમિક સારવાર આપી બાદમાં વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા તેને પ્રીજનર વોર્ડમાં દાખલ કરી તબીબો દ્વારા તેની સારવાર શરૂ કરવામાં આવી છે. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઇ કેદીનુ નિવેદન નોંધવા અને તેણે આપઘાતનો પ્રયાસ શા માટે કર્યો તે અંગે વધુ તપાસ હાથ ધરી છે

## પોલીસ સમાચાર

### બગસરામાં ફરી દીપડાની દહેશતઃ કબ્રસ્તાનની દીવાલ પર દેખા દીધી

બગસરાઃ

બગસરા શહેરમાં ફરી એકવાર દીપડાના દેખાવને કારણે સ્થાનિકોમાં ભયનો માહોલ સર્જાયો છે. બગસરા પોલીસ સ્ટેશન પાછળ તથા સાપર રોડ પર આવેલા રૂહાની બાગ કબ્રસ્તાનની દીવાલ પર દીપડો બેઠેલો જોવા મળતા આસપાસના વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.બગસરા વિસ્તારમાં અગાઉ પણ અનેક વખત દીપડાના દેખાવની ઘટનાઓ સામે આવી ચૂકી છે. થોડા સમય પહેલાં હુડકો કોલોનીમાં રહેતા એક બાળક પર દીપડાએ હુમલો કર્યો હતો, જેના કારણે લોકોમાં હજુ પણ ભયની લાગણી યથાવત છે. હવે ફરી દીપડો રહેણાંક વિસ્તારની નજીક જોવા મળતા સ્થાનિકોએ પોતાની અને પરિવારની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરી છે.

### દામનગર બજારમાં કચરો કરનાર સામે પાલિકાની દંડાત્મક કાર્યવાહી




અમરેલીઃ

દામનગર શહેરમાં મુખ્ય બજારમાં સફાઈ બાદ પણ કચરાના ઢગલા જોવા મળતા હતા. આ અંગે પ્રશાસનિક તંત્ર સક્રિય બન્યું છે. પાલિકા સત્તાધીશો દ્વારા હવે આવી બજારોમાં દંડાત્મક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.શહેરમાં લાંબા સમયથી મુખ્ય બજારમાં સફાઈ થયા પછી પણ ઠેર ઠેર કચરાના ઢગલા કરવાની પ્રથા પ્રવર્તી રહી હતી. સેનિટેશન ઈન્સ્પેક્ટર (એસ.આઈ.) દ્વારા સઘન ચેકિંગ અને કચરો કલેક્શન કરવામાં આવતું હોવા છતાં, મુખ્ય બજારોમાં આ સમસ્યા યથાવત રહી હતી.

જ્યાં જ્યાં સફાઈ પછી કચરાના ઢગલા જોવા મળ્યા, તેવી બજારોમાં પાલિકા દ્વારા દંડાત્મક પગલાં લેવામાં આવ્યા.

પાલિકા અને પોલીસ વિભાગ દ્વારા દિવસ દરમિયાન મુખ્ય અને સાંકડી બજારોમાં એકથી બે વાર હાજરી આપીને તંત્રની સક્રિયતા અને કડક વલણ દર્શાવવામાં આવ્યું હતું.

# તાલાલાના સ્પામાંથી વિદેશી દારૂ ઝડપાયોઃ૧૫ બોટલ સાથે સંચાલકની ધરપકડ



ગીર સોમનાથઃ

તાલાલાના બસ સ્ટેશન સામે આવેલા ભગવતી કોમ્પલેક્ષમાં આવેલા 'ડ્રીમ સ્પા'માંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો છે. પોલીસે સ્પાના રૂમ નંબર ૦૧માંથી વિવિધ બ્રાન્ડની ૧૫ બોટલ વિદેશી દારૂ સાથે સ્પાના સંચાલકની અટકાયત કરી છે.ઝડપાયેલા આરોપીનું નામ વિશ્વાસકુમાર હરીભાઈ જાદવ છે. તે મૂળ સુત્રાપાડા તાલુકાના પ્રશ્નાવડા ગામનો રહેવાસી છે અને હાલ તાલાલામાં રહે છે. પોલીસે પ્રોહીબીશન એક્ટની કલમ ૬૫એએ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાની સૂચના અને ઈન્ચાર્જ નાયબ પોલીસ અધિક્ષક એમ.એફ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી હતી. તાલાલા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગોહિલની દેખરેખ હેઠળ પોલીસ સ્ટાફે પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે આ દરોડો પાડ્યો હતો.

આ કામગીરીમાં પોલીસ હેડ કોન્સ્ટેબલ એચ.પી. ભેડા, એ.એસ.આઈ. પી.જી. કાગડા, પોલીસ હેડ કોન્સ્ટેબલ જી.પી. મારુ અને પોલીસ કોન્સ્ટેબલ ભાવેશભાઈ દુદાભાઈ ગોહિલ સહિતનો પોલીસ સ્ટાફ જોડાયો હતો.

# જુનાગઢ રેન્જી પોલીસ ટીમે પાદરીયા ગામે જુગાર રમતા ૬ને પકડી લીધા



જુનાગઢ,

જુનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચનાથી જુનાગઢ રેન્જ પોલીસે જુગારનો દરોડો પાડી પોલીસે રાજા રણમલભાઈ રાવલીયા ઉ.વ. ૫૪ રહે. પાદરીયાગામ વાછરાડાડાના મંદિરની પાછળના ભાગે તા.જી. જુનાગઢ, કરશન જીવાભાઈ રામ આહીર ઉ.વ. ૬૦, રહે. બામણવાડા ગામ, રામ મંદિરની પાસે બજામાં તા. માંગરોળ, મીલ રમેશભાઈ બાબરીયા ઉ.વ. ૪૦ રહે. દુધીવદરગામ મેઈન બજારમાં તા. જામકંડોરણા તા. જામકંડોરણા જી. રાજકોટ, વિપુલ ભલાભાઈ મઢવી ઉ.વ. ૪૨, રહે. તરવડાગામ વણકરવાસ તા. જામકંડોરણા જી. રાજકોટ.

હિમાંશુ દીનેશભાઈ અઢીયા (ઉ.૪૮) રહે. જુનાગઢ બસ સ્ટેન્ડ ની બાજુમાં નહેરૂપાર્ક સોસાયટી નીલકંઠ એપાર્ટમેન્ટ-જી-૨, રીના રણજીતભાઈ દુદાભાઈ ખુંટી (ઉ.૩૫) રહે. સીંગપુર ગામ વાડી વિસ્તાર તા. કુતીયાણા જી. પોરબંદર તે ડો.-ઓ. જગદીશભાઈ નાથાભાઈ અટારા લોહાણા હાલ રહે. મધુરમ વિસ્તાર સાંઇબાબા મંદિરવાળી શેરીમાંને રોકડ મોબાઇલ સાથે ઝડપી લીધા છે.

આ કામગીરી પોલીસ પો. ઈ. વાય. બી. રાણાપ પો. સ. ઈ. આર. જી. ચુડાસમા, સ્ટાફના બી. ડી. માવદિયા, ગીરીરાજસિંહ પ્રદ્યુમનસિંહ, ગજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ, હરદેવસિંહ અમરસિંહ, મહેન્દ્રભાઈ દાનાભાઈ, વિપુલસિંહ કિરણસિંહ, લાભુબેન લખમણભાઈ, પ્રવિણસિંહ પીઠાભાઈ, ભુપતસિંહ ડોલરસિંહ, ડાયાભાઈ કાનાભાઈ, અમીતભાઈ કરશનભાઈ, અરવિંદભાઈ રસીકભાઈ,ડ્રા.એ. એસ. આઇ. પ્રદ્યુમનસિંહ રતુભાએ કરી હતી.

## જૂનાગઢમાં ખામધ્રોળ બાયપાસ પાસે વોકીંગમાં નીકળેલા મેજિસ્ટ્રેટને કાર હડફેટે ઇજા

જુનાગઢ,

જૂનાગઢમાં ખામધ્રોળ બાયપાસ પાસે કાર હડફેટે મેજિસ્ટ્રેટને ઈજા થતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

વિગતો એવી છે કે, ચીફ જયુ. ફ. ક. મેજીસ્ટ્રેટ ચીરાગકુમાર કાળીદાસ પીપલીયા ગઇ તા.૨૧/૦૫/૨૬ નાં રોજ રાત્રીના સાડા નવેક વાગ્યે જુનાગઢ ઝાંઝરડા ખામધ્રોળ બાયપાસ રોડ દેશી પકવાન પાસે રોડની સાઇડમાં વોકીંગ કરતા હતા. ત્યારે જી.જે. ૧૧ ડીબી ૩૩૫૬ નંબરની કારના ચાલક ડ્રાઇવર પાર્થીવકુમાર ભરતભાઇ જાદવએ પોતાની ફોરવ્હીલ કાર પુરઝડપે ચલાવી હડફેટે લઇ ચિરાગકુમારને જમણા હાથમાં તથા માથામાં કપાળના ભાગે ડાબી બાજુ આંખ ઉપર તથા ડાબા પગ તથા ઢીચણમાં તથા શરીરે મુંઢ ઈજા કરી તથા ડાબા હાથમાં ફેકચર કરી ગંભીર ઈજા પહોંચાડી હતી. મૂળ બોરસદના અને હાલ વડોદરા રહેતા મેજિસ્ટ્રેટ ચિરાગકુમાર પીપળી પીપલીયાએ ફરિયાદ નોંધાવતા જુનાગઢ તાલુકા પોલીસે કારના ડ્રાઇવર સામે કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ગોંડલમાં ગેસ્ટહાઉસમાં ચાલતુ કુટણખાનુ પકડાયું : સંચાલક સહિત ત્રણ પકડાયા

### ગેસ્ટહાઉસના બીજા માળે બહારથી ગ્રાહકો બોલાવી દેહવ્યાપારનો ધંધો ચાલતો' તો : ગુનો દાખલ

ગોંડલ,

ગોંડલના મધ્યસ્થ એસ.ટી. બસ સ્ટેશન સામે આવેલા અમૃત ગેસ્ટ હાઉસમાં ચાલતી અનૈતિક પ્રવળત્તિઓનો રાજકોટ ગ્રામ્ય એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. પોલીસે દરોડા દરમિયાન ગેસ્ટ હાઉસમાંથી કુટણખાનું ચલાવતા સંચાલક સહિત ત્રણ ઈસમોને ઝડપી પાડ્યા છે.

રાજકોટ ગ્રામ્ય એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટના પોલીસ સબ ઈન્સ. એન. એચ. શુકલ અને તેમની ટીમને બાતમી મળી હતી કે ગોંડલ બસ સ્ટેશન સામે આવેલ અમૃત ગેસ્ટ હાઉસના બીજા માળે કેટલાક શખ્સો પોતાના આર્થિક લાભ માટે બહારથી આવતા ગ્રાહકોને દેહસુખ ભોગવવા માટે પુરતી સુવિધા પૂરી પાડી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે આરોપીઓ દ્વારા બહારથી અલગ-અલગ મહિલાઓને બોલાવી, તેમને ગ્રાહકો સાથે શારીરિક સુખ ભોગવવા માટે ગેસ્ટ હાઉસના રૂમોમાં મોકલવામાં આવતી હતી. આ બદલામાં ગ્રાહકો પાસેથી રોકડ રકમ લેવામાં આવતી અને સંચાલકો પોતાનું કમિશન રાખી દેહવ્યાપારનો ધંધો ચલાવતા હતા.

પોલીસે સ્થળ પરથી ગોંડલ નાં હરેશ હનિક લિંબાસિયા, દશરથલાલ દિલીપલાલ રાઠોડ તથા સંચાલક સામે ગુનો નોંધી ઘટનાસ્થળેથી દેહવ્યાપારના ધંધામાં ઉપયોગમાં લેવાયેલ રોકડ રકમ તથા અન્ય મુદામાલ મળી કુલ રૂા. ૧૫,૪૦૦ નો મુદામાલ જપ્ત કર્યો છે.આરોપીઓ વિરુદ્ધ ઈમોરલ ટ્રાફિકપ્રિવેન્શન એક્ટ ૧૯૫૬ની કલમ ૩(૧), ૪(૧), ૫(૧)(એ), ૫(૧)(ડી) મુજબ ગુનો નોંધી સિટી પોલીસ સ્ટેશન ખાતે આગળની કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

સૌરાષ્ટ્ર આજતક

# શિક્ષણ રાજકારણનું સાધન બની ગયું છે

જ્યારે લદ્દાખ સ્થિત સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે દિલ્હીના જંતર મંતર પર શિક્ષણ મંત્રીના રાજીનામા અને નીટ સહિત કેન્દ્રીય પરીક્ષાઓમાં ગેરરીતિઓ સુધારવાની માંગણી કરતી કોકરોચ જનતા પાર્ટી સાથે ભૂખ હડતાળ શરૂ કરી હતી, ત્યારે તેમના નિવેદનથી એવું સૂચન થયું કે તેઓ આગળ વિચારી રહ્યા હતા, તેમણે કહ્યું કે શિક્ષણ મંત્રીનું રાજીનામું માત્ર શરૂઆત હતી. પછી, કેટલાક કાર્યકરો અને પક્ષના નેતાઓ તેમની મુલાકાત લેવા લાગ્યા. સોનમ વાંગચુકે જંતર-મંતર પર ચાલી રહેલા પ્રચારનું રાજકારણ કરવાનું શરૂ કર્યું. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા પછી, સોમવારે જૂથ સંસદ તરફ કૂચ કરી. ઉપસ્થિતો દ્વારા કરવામાં આવેલા પથ્થરમારામાં અનેક પોલીસ અધિકારીઓ ઘાયલ થયા. આ બધું શંકા ઉભી કરે છે કે શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણીના બહાને, સરકાર બદલવાના પ્રયાસ હેઠળ રાજકીય આંદોલન શરૂ કરવામાં આવી રહ્યું છે.

રાજકીય આંદોલન શરૂ કરવામાં અથવા સત્તા પરિવર્તનની માંગ કરવામાં કંઈ ખોટું નથી, પરંતુ શિક્ષણ ક્ષેત્ર અને વિદ્યાર્થીઓનો આ માટે સાધન તરીકે ઉપયોગ કરવો એ બેવડી ભૂલ છે. આનાથી શિક્ષણ જેવા ગંભીર વિષયને પક્ષીય રાજકારણનો શિકાર બનાવવામાં આવે છે. એક એવો વિષય જેને રાજકારણથી દૂર રાખીને સુધારવા અને સંચાલિત કરવાની જરૂર છે તે માત્ર અવગણવામાં જ નથી આવતો પણ વધુ બગડે છે.

૧૯૭૪ થી, ઘણી વખત જોવા મળ્યું છે કે વિદ્યાર્થીઓ અને યુવાનોનો પક્ષીય રાજકારણ માટે ઉપયોગ કરવામાં આવ્યો છે. જો સોનમ વાંગચુક અને તેમના સાથીદારોનો આ હેતુ ન હતો, તો તેમણે ફક્ત શિક્ષણ મુદ્દા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને તેના વિવિધ પાસાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તેમણે તેને પક્ષીય રાજકારણથી કડક રીતે અલગ કરીને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાતો સાથે સલાહ લેવી જોઈએ જેથી સુધારા માટે રોડમેપ બનાવી શકાય. આનાથી નીતિ નિર્માતાઓને પણ મદદ મળી હોત. તેના બદલે, ફક્ત શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગણી ઘણા પ્રશ્નો ઉભા કરે છે. એક વાસ્તવિક પ્રયાસ ફક્ત ત્યારે જ અર્થપૂર્ણ બનશે જો શૈક્ષણિક સંસ્થાઓની પવિત્રતા, શૈક્ષણિક સામગ્રીની ગુણવત્તા, પ્રતિભાને યોગ્ય પ્રોત્સાહન, લાયક શિક્ષકોની નિમણૂક અને બધી વિસંગતતાઓને સુધારવા પર ધ્યાન આપવામાં આવે.

કેન્દ્રના ઉદ્ઘાટન પ્રસંગે નગરપાલિકાના કારોબારી ચેરમેન રાજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજના સમયમાં લોકો પોતાના ભોજનમાં ઝેરમુક્ત રાસાયણિક ખાતરો અને દવાઓ વગરનાં શાકભાજી અને ખાદ્ય ચીજવસ્તુઓ મેળવવા માંગે છે. ગોંડલ તાલુકાના ખેડૂતોએ ખૂબ મહેનત કરીને કોઈપણ પ્રકારના ફર્ટિલાઈઝર કે દવાના છાંટ્યા વગર શુદ્ધ પ્રાકૃતિક રીતે પાક તૈયાર કર્યો છે.

જેનો લાભ ખાસ કરીને શાકભાજી ખરીદ કરતી ગૃહિણીઓ ને મળતો થશે. આ થડા પર ખેડૂતો પોતાનો પાક સીધો વેચાણ માટે લાવી શકશે, જેથી ગ્રાહકોને વ્યાજબી ભાવે શુદ્ધ ખેતપેદાશો મળી રહેશે.

માતા-બહેનોને માર્કેટયાર્ડ નાં ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા દ્વારા અપીલ કરવામાં આવી છે કે તેઓ પોતાના અને પરિવારના સ્વાસ્થ્યની સુરક્ષા માટે આ કેન્દ્રમાંથી વધુમાં વધુ પ્રાકૃતિક શાકભાજીની ખરીદી કરે અને પોતાના રસોડામાં શુદ્ધ ભોજન અપનાવે. રાજ્ય સરકાર અને રાજ્યપાલના ઉદ્દેશ્ય મુજબ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે અને પ્રજાનું સ્વાસ્થ્ય સચવાય તે માટે આ એક ક્રાંતિકારી પગલું સાબિત થશે.

# ગીરની બોર્ડર પરનાં ગેરકાયદે ૩૮૮એકમોમાંથી માત્ર ૨૬ને તોડવા આદેશ!

### અમરેલી અને ગીર સોમનાથમાં પણ સકંજો કસાયો : હોટેલિયર્સ ગાંધીનગર જઈને મંત્રીઓને મળ્યા ત્યાં પાછળથી કાર્યવાહી શરૂ થઈ

જૂનાગઢઃ

ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને અભયારણ્યની સુરક્ષા તથા પર્યાવરણની જાળવણી માટે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવતા જૂનાગઢ જિલ્લા તંત્ર દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગીર વિસ્તારની આસપાસ ચાલતા હોસ્પિટાલિટી યુનિટ્સ (હોટેલ અને રિસોર્ટ)ની તપાસ માટે જૂનાગઢ જિલ્લા કલેક્ટર દ્વારા વિશેષ ટીમો બનાવી સઘન ચકાસણી કરાવવામાં આવી હતી. આ તપાસ બાદ ૬૭ એકમોને શરતભંગની નોટિસ પાઠવી કાયદેસરની સુનાવણી હાથ ધરાઈ હતી, જે પૈકી ૨૬માં શરતભંગ સાબિત થતાં કલેક્ટરે કડક હુકમો કર્યા છે.

જૂનાગઢ જિલ્લામાં ૧૪૧, ગીર-સોમનાથમાં ૨૨૧ અને અમરેલી જિલ્લામાં ૨૬ એકમો મળી કુલ ૩૮૮ ગેરકાયદે એકમો હોવાનું ત્રણેય કલેક્ટરે હાઈકોર્ટમાં કરેલા રિપોર્ટમાં સામે આવ્યું છે. તેમાંથી જૂનાગઢ જિલ્લાના માત્ર ૨૬ એકમો પર કાર્યવાહી કરવામાં આવી રહી છે, જ્યારે હજુ કુલ ૩૬૨ ગેરકાયદે એકમો સામે કાર્યવાહી અદ્ધરતાલ છે. જૂનાગઢ કલેક્ટર દ્વારા હાથ ધરાયેલી સક્ષમ સુનાવણી બાદ વન વિસ્તારની બાહ્ય હદથી ૦થી ૧ કિમીની ત્રિજ્યામાં આવતા ૩૯ કેસો પૈકી ૨૬ કેસોમાં ગંભીર શરતભંગ સાબિત થયો છે. કલેક્ટરે આ તમામ ૨૬ એકમોમાં વાણિજ્ય પ્રવૃત્તિઓ તાત્કાલિક અસરથી બંધ કરવા, મંજૂરી વિનાનું વધારાનું કાયદાકીય બાંધકામ તુરંત દૂર કરવા, વિવિધ ઓનલાઈન પ્લેટફોર્મ પર ઉપલબ્ધ બૂકિંગ સિસ્ટમ તુરંત હટાવી લેવા તેમજ આ તમામ પ્રક્રિયા પૂર્ણ કર્યા અંગેનું સોગંદનામું ૩૦ દિવસમાં રજૂ કરવા આદેશ આપ્યો છે. ઉપરાંત, જિલ્લા તંત્ર દ્વારા ૧થી ૧૦ કિ.મી.ની ત્રિજ્યામાં આવતા એકમો માટે પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે વન અને પર્યાવરણ વિભાગના ઠરાવ મુજબ વન વિભાગનું ના-વાંધા પ્રમાણપત્ર અને બિનખેતીની પરવાનગી મેળવ્યા બાદ જ વાણિજ્ય પ્રવૃત્તિ શરૂ કરી શકાશે. નિયમભંગ કરનાર એકમોએ ઓનલાઈન બુકિંગ અને કોમશયલ પ્રવૃત્તિઓ તાત્કાલિક બંધ કરી વધારાના બાંધકામો દૂર કરવાના રહેશે.

ખેતી કે રહેણાક હેતુની જમીનમાં ગેરકાયદે રિસોર્ટ- ફાર્મહાઉસ માલૂમ પડયાં, અન્ય કેસોની સુનવણી પૂર્ણ કરી નિર્ણય લેવાશે

’શરત ભંગના મોટાભાગના કેસમાં રહેણાક હેતુની કે ખેતીની જમીનમાં ગેરકાયદેસર રીતે કોમશયલ રિસોર્ટ અને ફાર્મહાઉસ ચલાવવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. બાકી રહેલા કેસોની સુનાવણી પૂર્ણ કરી નિયમાનુસાર આકરા નિર્ણયો લેવાશે. ગેરકાયદે બાંધકામો અને પ્રવૃત્તિઓ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવાશે નહી.’ - યોગેશ ચૌધરી (જૂનાગઢ જિલ્લા કલેક્ટર)

જૂનાગઢ કલેક્ટરના આ કડક વલણ બાદ સમગ્ર ગીર સરહદી વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. અમરેલી જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લાની ગીર બોર્ડર પર ચાલતા ગેરકાયદેસર હોટેલ-રિસોર્ટ સામે પણ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. ગીર સોમનાથ કલેક્ટરે કહ્યું હતું કે, ગીર સોમનાથ જિલ્લામાં પણ આવા એકમોની સઘન તપાસ ચાલી રહી છે અને ટૂંક સમયમાં જ આકરા પગલાં લેવાશે.

બીજી તરફ ગીર બોર્ડર હોટેલ એસોસિએશનના આગેવાનોએ ગાંધીનગર ખાતે મંત્રી જીતુ વાઘાણી, કૌશિક વેકરીયા, પ્રદ્યુમન વાજા અને અર્જુન મોઢવાડિયા સહિતના નેતાઓની મુલાકાત લઈ જંગલથી એક કિ.મી.ના અંતરમાં આવેલા જૂના બાંધકામો સામે રાહત આપવા રજૂઆત કરી હતી. જોકે, મંત્રીઓએ હાઈકોર્ટનો નિર્ણય શિરોમાન્ય રહેશે તેમ કહી કોઈ પણ પ્રકારની છૂટછાટ આપવાનો ઈનકાર કરવો પડયો હતો. હોટલના સંચાલકો રજુઆત કરવા ગયા તેવા સમયે જ ગેરકાયદેસર હોટલો પર આકરી કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

# દામનગરઃ ભૂતપૂર્વ શિક્ષક વિનુભાઈ કાકડિયાની સ્મૃતિમાં વૃક્ષારોપણ



(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલીઃ

દામનગર પી.એમ. શ્રી દામનગર શાળા નં. ૨( શ્રીમતી નર્મદાબેન માધવરાય સવાણી પ્રાથમિક શાળા )ખાતે ભૂતપૂર્વ શિક્ષક શ્રી વિનુભાઈ કાકડિયાની સ્મૃતિમાં વૃક્ષારોપણ પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ગુજરાતના સંકલ્પને સાકાર કરવા તેમજ શાળાના ભૂતપૂર્વ શિક્ષક સ્વ. શ્રી વિનુભાઈ કાકડિયાની પાવન સ્મૃતિને ચિરંજીવ રાખવાના ઉમદા હેતુથી પી.એમ. શ્રી દામનગર શાળા નં. ૨ના શિક્ષકગણ દ્વારા શાળા પરિસરમાં વિવિધ છાયાદાર વૃક્ષો તેમજ સુંદર ફૂલછોડનું વાવેતર કરવામાં આવ્યું. વિનુભાઈને વૃક્ષો અને ફૂલછોડ ઉગાડવામાં તેમજ તેમનું જતન કરવામાં ખૂબ રસ હતો, તેથી તેમના વૈચારિક વારસાને આગળ વધારવાના સંકલ્પ સાથે શિક્ષકોએ આ કાર્ય કર્યું.

આ પ્રસંગે શિક્ષકોએ જણાવ્યું હતું કે વૃક્ષો માત્ર પર્યાવરણનું જ રક્ષણ નથી કરતા, પરંતુ આવનારી પેઢીને સ્વચ્છ, હરિયાળું અને સ્વસ્થ જીવન પ્રદાન કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સ્વ. વિનુભાઈ કાકડિયાના શિક્ષણક્ષેત્રે આપેલા અમૂલ્ય યોગદાનને યાદ કરીને તેમની સ્મૃતિમાં આ હરિત અંજલિ અર્પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન શિક્ષકોએ વાવેલા વૃક્ષો અને છોડની નિયમિત સંભાળ રાખવાનો સંકલ્પ પણ વ્યક્ત કર્યો. સમગ્ર કાર્યક્રમમાં શાળાના શિક્ષકગણ ઉત્સાહભેર જોડાયા હતા. આ વૃક્ષારોપણ કાર્યક્રમ દ્વારા પર્યાવરણ જાગૃતિનો સુંદર સંદેશ સમાજ સુધી પહોંચ્યો હતો.

# રાજકોટ ખાતે નેશનલ પેન્શન સિસ્ટમ અંગે વર્કશોપ યોજાયો

## વર્કશોપમાં વિવિધ ક્ષેત્રનાં ૯૦ વધુ ઉદ્યોગ સાહસિકો, બેંકોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા: પેન્શન કવરેજ વધારવા આહવાન




રાજકોટ,

પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ઈન્ડિયા અને લઘુ ઊદ્યોગ ભારતી સાથે મળીને ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ આર.પી.જે.હોટેલ, રાજકોટ ખાતે નેશનલ પેન્શન સિસ્ટમ પર વર્કશોપ યોજાઈ ગયો.

આ કાર્યક્રમ ભારત સરકારના પેન્શન ફંડ રેગ્યુલેટરી એન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી ના અધિકારી ઈસ્માઈલ સલામ, ડેપ્યુટી જનરલ મેનેજર, , ભારત સરકાર તથા અભિષેક ધિમન, આસિસ્ટન્ટ મેનેજર, ભારત સરકાર ખાસ દિલ્હી થી ઉપસ્થિત રહેલ. તેમજ ગુજરાત પ્રદેશ લઘુ ઉદ્યોગ ભરતીના સચિવ હંસરાજ ગજેરા, જયભાઈ માવાણી, લઘુ ઉદ્યોગ ભરતી સૌરાષ્ટ્ર સંભાગના મહામંત્રી જયભાઈ માવાની તેમ જ વિવિધ ઔદ્યોગિક એસોસિએશનના હોદ્દેદારો તેમજ ઉદ્યોગકારો આ પોતાની ઉપસ્થિતિ થી કાર્યક્રમને દીપાવ્યો.

વર્કશોપમાં વિવિધ ક્ષેત્રોના ૯૦ થી વધુ ઉદ્યોગ સાહસિકો, ઉદ્યોગ નિષ્ણાતો અને પોઈન્ટ્સ ઓફ પ્રેઝન્સમાંથી એસ.બી.આઈ. પેન્શન ફંડ્સ, ઈન્ડિયન બેંક, કેનરા બેંકના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. હંસરાજ ગજેરાએ એમ.એસ.એમ.ઇ.એસ. /કોર્પોરેટ્સ અને વ્યક્તિગત સ્તરે નાણાકીય આયોજનના મહત્વ પર ભાર મૂક્યો.

ઈસ્માઈલ સલામ,એ હાજર લોકોને સંબોધિત કરતાં એમ.એસ.એમ.ઇ.એસ. અને તેના કર્મચારીઓ માટે દ્ગજી વિષે જાગૃત્તિ લાવવા અને તેનો લાભ કેવી રીતે લઈ શકાય તે અંગે માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું. અભિષેક ધિમન, એ વિસ્તૃતમાં દ્ગજીની વિશેષતાઓ, પોર્ટેબલ અને કર-કાર્યક્ષમ નિવૃત્તિ બચત સાધન તરીકેની મહત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો.

તેમણે અનૌપચારિક કાર્યબળમાં પેન્શન કવરેજ વધારવાની જરૂરિયાત પર ભાર મૂક્યો જેથી સામાજિક સુરક્ષા મજબૂત બને અને ગુજરાતમાં કાર્યબળનું એસ.બી.આઈ. પેન્શન ફંડ્સના વિપુલ વઢૈયા, મેનેજર, દ્વારા દ્ગજી ખાતાના પ્રકારો, નોંધણી પ્રક્રિયા અને યુઝર અનુભવ અંગે પ્રાયોગિક માહિતી આપવામાં આવી. વર્કશોપ અંતે પ્રશ્નોત્તરી અને પ્રતિસાદ સત્ર યોજાયું, ત્યારબાદ આભારવિધિ અને રાત્રિભોજન સાથે નેટવર્કિંગનું આયોજન થયું.

# નાગરિકો અને વેપારીઓ ભારે હેરાનગતિ

## રાજુલા પોલીસ સ્ટેશનથી જવાહર રોડના બ્લોક બેસી જતા પાણીનો નિકાલ અટક્યો



રાજુલા:

રાજુલા શહેરના મધ્યમાંથી પસાર થતો પોલીસ સ્ટેશનથી જવાહર રોડ સુધીનો મુખ્ય બ્લોક રોડ સંપૂર્ણપણે બેસી જવાને કારણે છેલ્લા ઘણા સમયથી નાગરિકો અને વેપારીઓ ભારે હેરાનગતિ ભોગવી રહ્યા છે.

આ રોડ અત્યંત વ્યસ્ત છે. અહીં સ્કૂલના વિદ્યાર્થીઓ, વાહનચાલકો, દર્દીઓ, મેડિકલ સ્ટોરમાં આવતા લોકો, પોલીસ સ્ટેશનમાં કામ અર્થે આવતા નાગરિકો તેમજ મેડિકલ અને સ્ટેશનરીની દુકાનોના ગ્રાહકો સહિત મોટી સંખ્યામાં લોકોની રોજિંદી અવરજવર રહે છે. ચોમાસાની સિઝનમાં આખો રોડ તળાવ જેવો બની જાય છે. પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી દુકાનદારોને રોજ સફાઈ કરવી પડે છે.

છતાં કાદવ-ગંદકી અને અકસ્માતનો ભય રહે છે. વેપારીઓ અને સ્થાનિકો દ્વારા આ બાબતે વારંવાર નગરપાલિકા અને તંત્રને રજૂઆતો કરવામાં આવી છે. પરંતુ આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. વેપારીઓની સ્પષ્ટ માંગ છે કે જૂના બેસી ગયેલા બ્લોકનું રીપેરીંગ નહીં, પરંતુ આખા રોડ પર નવા બ્લોક નાખીને રોડ થોડો ઉંચો કરવામાં આવે.જેથી પાણીનો નિકાલ થઈ શકે અને લોકોને રાહત મળે.

જો તંત્ર દ્વારા તાત્કાલિક ધ્યાન નહીં આપવામાં આવે તો વેપારી વર્ગ દ્વારા ટૂંક સમયમાં ડેપ્યુટી કલેકટરને લેખિત આવેદનપત્ર આપવામાં આવશે. ડેપ્યુટી કલેકટરને લેખિત આવેદનપત્ર અવાશે.

# સોમનાથ યાત્રાધામમાં કારના બોનેટ પર કેક કાપી જન્મદિવસની જાહેરમાં ઉજવણી કરતા ૧૦ પકડાયા



વેરાવળ,

સોમનાથ સર્કિટ હાઉસ ની બાજુમાં જાહેર રસ્તા ઉપર જન્મદિવસની ઉજવણી કરી રસ્તા ઉપર ફોરવ્હીલ આડી રાખી, કેક કાપી ફટાકડા ફોડી જાહેર જનતાને અવરોધ/અગવડ ઊભી કરતા પોલીસે ૧૦ યુવાનોની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી હતી.

તા.૧૫/૦૭/૨૦૨૬ ના રાત્રી કલાક-૨૩/૩૦ વાગ્યે સોમનાથ સર્કિટ હાઉસથી સાગર દર્શન તરફ જતા જાહેર રોડ પર અવર-જવર કરતા લોકો તથા વાહનોને અમુક લોકો એક ફોરવ્હિલ કાર રોડ ઉપર અડચણરૂપ ઉભી રાખી તેના બોનેટ ઉપર કેક કાપી ફટાકડા ફોડી બર્થડે ઉજવતા હોવાનો વિડીયો સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ ઉપર વાયરલ થયેલ હોય અને ઈસમોએ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી ગીર સોમનાથના જાહેરનામાંનો સરેઆમ ભંગ કરી એક બીજાની મદદગારી કરી ગુન્હો કરેલ હોય જે અનુસંધાને પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનના ઈ/ઈ પોલીસ ઈન્સ્પેકટર બી.કે.રાઠોડએ બનાવની ગંભીરતાને ધ્યાને લઈ પો.સબ.ઈન્સ એસ.ડી.વડારીયા . તથા ટાઉન બીટ પોલીસ સ્ટાફની ટીમે વિડીયોમાં બર્થડે સેલીબ્રેશન કરનાર આદમભાઈ મહમદભાઈ મહીડા ઉ.વ.૨૦ ધંધો-મજુરી રહે-પ્રભાસ પાટણ સાઈન કોલોની, મહમદ ફરહાન ઈબ્રાહીમભાઈ ભાદરકા ઉ.વ.૧૯ ધંધો-પ્રા.નોકરી રહે-પ્રભાસ પાટણ સાઈન કોલોની, મુસ્તફા મુસાભાઈ કાલવાત ઉ.વ.૧૯, મહમદ જાબીલ અબુલભાઈ કાલવાણીયા ઉ.વ.૨૨, ફેઝાન યુસુફભાઈ ગોહેલ ઉ.વ.૨૧, મોઈન અલીમહમદભાઈ કાલવાણીયા ઉ.વ.૨૨, મયુદિન યુનુસભાઈ ભાદરકા ઉ.વ.૨૦, સાહીલ નુરમહદભાઈ કોટવાલ ઉ.વ.૧૯, અબ્બાસ મુશાભાઈ ભાદરકા ઉ.વ.૨૦, મોહમ્મદ નિઝામ ઉમર વાકોટ ઉ.વ.૧૮, શાકીર નુરમહમદ ગોહેલ ને ઝડપી લઈ જાહેરનામાં ભંગ બદલ કાર્યવાહી કરી હતી.

# ધારી ખાતે 'માનવ-વન્યજીવ સંઘર્ષ નિવારણ' અંગે જાગૃતિ શિબિર યોજાઈ




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અમરેલીનાં સેક્રેટરી પ્રખર શર્મા અને તાલુકા કાનુની સેવા સમિતિનાં ચેરમેન એમ.એમ.સૈયદનાં માર્ગદર્શન હેઠળ તથા વન વિભાગ ધારીનાં સહયોગથી તારીખ ૨૨ના રોજ ધારી મુકામે આવેલ જી.એન.દામાણી હાઈસ્કૂલ ખાતે એક વિશેષ જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્તમાન સમયમાં ગીરકાંઠાના ગામો તેમજ જંગલ વિસ્તારની નજીક રહેતા નાગરિકો અને સિંહ-દીપડા જેવા વન્યજીવો વચ્ચે સંઘર્ષના બનાવો સતત વધી રહ્યા છે, જેને ધ્યાનમાં રાખીને આ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમરેલીના સેક્રેટરી અને સિનિયર સિવિલ જજ પ્રખર શર્મા, વન વિભાગ તરફથી એ.સી.એફ. અમિતભાઈ વાણિયા,ધારી કોર્ટનાં રજીસ્ટ્રાર ગણેશભાઈ ચાવડા તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ ધારીના સેક્રેટરી સી.કે.ભરાડ અને પીએલવીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે શાળાના પ્રિન્સિપાલ બારડે ઉપસ્થિત તમામ મહાનુભાવોનું હાર્દિક સ્વાગત કર્યું હતું.શિબિર દરમિયાન એ.સી.એફ. દ્વારા વિદ્યાર્થીઓને વન્યજીવો અંગે ઉપયોગી માહિતી આપતા જણાવ્યું હતું કે, સિંહ અને દીપડાનું કેવા સંજોગોમાં કેવું વર્તન હોય છે અને માનવ તથા વન્યજીવ વચ્ચે સંઘર્ષ થવાના મુખ્ય કારણો કયા છે. તેમણે આવા સંઘર્ષથી કેવી રીતે બચી શકાય, ગેરકાયદેસર સિંહ દર્શન (લાયન શો) કરવા બદલ થતી કડક સજાની જોગવાઈઓ, તેમજ કદાચ માનવ-વન્યજીવ વચ્ચે સંઘર્ષનો કોઈ બનાવ બને તો તેવા સમયે ત્વરિત શું પગલાં ભરવા તે અંગે વિસ્તારપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત સમાજમાં આ અંગે જાગૃતિ ફેલાવવામાં વિદ્યાર્થીઓ કેવી મહત્વની ભૂમિકા ભજવી શકે છે, તે વિશે પણ સરળ શૈલીમાં સમજાવ્યું હતું.

ત્યારબાદ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સેક્રેટરી શ્રી પ્રખર શર્મા દ્વારા નાલસાની 'હ્યુમન વાઈલ્ડ લાઈફ કોલિક્ટ' (માનવ-વન્યજીવ સંઘર્ષ) યોજના સહિત કાનૂની સત્તા મંડળ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ વિશે વિસ્તૃત કાનૂની માહિતી પૂરી પાડી હતી. તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ 'કાયદાનો કકકો' પુસ્તક શાળા તથા વનવિભાગને ભેટ આપ્યુ હતુ. કાર્યક્રમના અંતે ધારી કોર્ટનાં રજીસ્ટ્રાર ગણેશભાઈ ચાવડા દ્વારા પ્રસંગોચિત પ્રવચન આપી આયોજનની સાર્થકતા દર્શાવી હતી. વન્યજીવો પ્રત્યે આત્મિયતા અને સુરક્ષા અંગેની આવી મહત્વપૂર્ણ વિગતો સરળ રીતે શીખવા મળતા શાળાના વિદ્યાર્થીઓએ ભારે ખુશી વ્યક્ત કરી હતી.

# અમરેલીમાં મધરાત્રે યુવકને મારી મારી દોઢ લાખના ચેઈનની લૂંટ

## રોષે ભરાયેલા લોકો એ સીટી પોલીસ મથકમાં મધરાત્રે રામધૂન બોલાવી કડક પગલાંની માંગ કરી



અમરેલી:

અમરેલીના જેસીંગપરામાં રહેતો યુવાન બાઈક લઈ ગઈરાત્રે ઘર તરફ જતો હતો. ત્યારે અસામાજિક તત્વોએ તેને રસ્તામાં આંતરી બેફામ માર મારી દોઢ લાખના સોનાના ચેઈનની લૂંટ ચલાવતા રોષે ભરાયેલા લોકોએ સીટી પોલીસ મથકમાં મધરાત્રે રામધૂન બોલાવી કડક પગલાંની માંગ કરી હતી.

અમરેલીમાં અસામાજિક તત્વોના હુમલાની ઘટનાઓ રોજેરોજ બની રહી છે. ગઈકાલે આવી ઘટના અમરેલીના જૈન દેરાસર નજીક બની હતી. જેસીંગપરામાં રહેતા ચિરાગભાઈ હરીભાઈ ગોહિલ ભેંસનો તબેલો ચલાવે છે અને દૂધ વેચી ગુજરાન ચલાવે છે. ગઈકાલે તેઓ દૂધ દઈ પરત પોતાના ઘર તરફ જતા હતા.

ત્યારે જૈન દેરાસર પાસે આ હુમલો થયો હતો. આગળ વાહનો પડ્યા હોય તેમણે પોતાનું બાઈક ઉભુ રાખી દીધું હતું. તે સમયે જાવેદ અને સોહિલ નામના શખ્સો ત્યા ધસી આવ્યા હતા અને તારા બાઈકની ચાવી કેમ બંધ છે. તેમ કહીને તકરાર કરી હતી.

બંને શખ્સોએ તેમને બટકા ભરી જઈ મુંઢ માર માર્યો હતો અને ગળામાં પહેરેલી રૂપિયા દોઢ લાખની સોનાની ચેઈન લૂંટી લીધી હતી. આ દરમિયાન અહીં લોકોનું ટોળુ એકઠુ થતા બંને શખ્સો નાસી છૂટ્યા હતા. જયારે ઘવાયેલા યુવકને સારવાર માટે અમરેલી સિવીલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મધરાત્રે દોઢ વાગ્યે સીટી પોલીસ સ્ટેશન સામે ટોળું જમા થયું હતું અને લોકોએ પોલીસ મથકના પ્રાંગણમાં બેસી રામધૂન બોલાવી હતી. મોડી રાત્રે બંને શખ્સો સામે ગુનો નોંધાયો હતો. લોકોનું ટોળુ અહીં એકઠું થતા જિલ્લા પોલીસવડાની સૂચના મુજબ ડીવાયએસપી ચિરાગ દેસાઈ તુરંત સીટી પોલીસ મથકે પહોંચ્યા હતા અને કાયદાના અમલની ખાતરી આપી સ્થિતિ થાળે પાડી હતી.શહેરના જૈન દેરાસર પાસે હુમલાની બીજી ઘટના બની જૈન દેરાસર પાસે જ રાત્રે સાડા દસેક વાગ્યે સરફરાજ હનિફભાઈ નગરીયા (ઉ.વ.૨૩) નામના યુવાન પર કડેલ મહિડા અને બે અજાણ્યા શખ્સોએ

# અમરેલી જિલ્લા કલેક્ટરના અધ્યક્ષસ્થાને "માય ભારત" અંતર્ગતની જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

## ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનોને વ્યક્તિત્વ અને નેતૃત્વના ગુણો વિકસ માટે તક : MY Bharat Protal પર જોડાવવા અનુરોધ




અમરેલી:

અમરેલી જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ અધ્યક્ષ સ્થાને મેરા યુવા ભારત અંતર્ગત જિલ્લા સલાહકાર સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં યુવાઓને સામાજિક અને સેવાકીય પ્રવૃત્તિઓના માધ્યમથી વ્યક્તિત્વ અને નેતૃત્વના ગુણો વિકસે તે માટે ચર્ચા કરવામાં આવી હતી. ખાસ યુવાનો અને સરકારી-સામાજિક તકોને જોડતો ડિજિટલ પુલ MY Bharat Protal પર યુવાઓનું મહત્તમ રજીસ્ટ્રેશન તેના ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો.આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજે કોલેજો, NSS, NCC, રમતગમત વિભાગ, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સહિતના સંબંધિત વિભાગોને માય ભારત પોર્ટલ સાથે મહત્તમ યુવાનોને જોડવા માર્ગદર્શક સૂચનાઓ આપી હતી. તેમણે આ સઘન નોંધણી ઝુંબેશમાં યુવાનોની મહત્તમ ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે જરૂરી માર્ગદર્શન પણ કર્યું હતું.આ તકે 'માય ભારત' પોર્ટલ રજીસ્ટ્રેશન અભિયાનના વિશેષ પોસ્ટરનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ પોર્ટલ પર ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના યુવાનો MY Bharat Protal (www.mybharat.gov.in) પર રજીસ્ટ્રેશન કરી શકશે. જેના માધ્યમથી યુવકોને સરકારી સામાજિક તકો વગેરે વિશે જાણકારી મળતી રહેશે.આ બેઠકમાં જિલ્લામાં માય ભારતની અંતર્ગતની વિવિધ પ્રવૃત્તિઓ પણ સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠક દરમિયાન જિલ્લા યુવા અધિકારી શ્રી મયંક ભદૌરીયાએ ભારત સરકારના રમતગમત મંત્રાલય અંતર્ગતના માય ભારત પોર્ટલના ઉદ્દેશ્યો, વિઝન અને યુવાનોના સર્વાંગી વિકાસમાં તેની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, આ પોર્ટલ યુવાનોને સ્વયંસેવા, નેતૃત્વ વિકાસ, કૌશલ્ય વિકાસ, રાષ્ટ્ર નિર્માણ અને વિવિધ સરકારી યોજનાઓ તથા તકો સાથે જોડવાનું એક સશક્ત માધ્યમ છે. વધુમાં, તેમણે વિભાગો વચ્ચે સંકલન પર ભાર મૂક્યો હતો.આ બેઠકમાં IAS અધિકારી સુશ્રી હર્ષિતા ગોયલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી કે.જે. જાડેજા, લીડ બેંક મેનેજર, જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા રોજગાર અધિકારી, NSS, NCC, જિલ્લા યુવા વિકાસ અધિકારી, જિલ્લા રમત વિકાસ અધિકારી સહિત વિવિધ વિભાગોના જિલ્લા સ્તરના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢની સાંપ્રત સંસ્થા ખાતે ભિક્ષાવૃત્તિ નિવારણ પ્રોજેકટનું ઉદ્ઘાટન કરાયું




જુનાગઢ,

જુનાગઢની સાંપ્રત એજયુ. અને ચેરી. ટ્રસ્ટ સંસ્થા અતિ ગંભીર અનાથ દિવ્યાંગ બાળકો માટે કામ કરે છે.

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ભારત સરકાર દ્વારા આ સાંપ્રત સંસ્થાને સ્માઈલ પ્રોજેકટ ભિક્ષાવૃતિ નિવારણ પ્રોજેકટ જુનાગઢ જીલ્લામાં મંજુર કરાયેલ છે.


આ પ્રોજેકટનું ઉદઘાટન ગઈકાલે તા.૨૧ને મંગળવારના મ્યુ.કમિશ્નર પ્રભવ જોશીના હસ્તે કરવામાં આવેલ હતું. જેમાં ભિક્ષુકોના સર્વે માટેની ઈકકો ગાડીને લીલી ઝંડી આપી વિધીવત કાર્ય ચાલુ કરાવવામાં આવેલ હતું. જુનાગઢમાં ભિક્ષુકો માટે જનજાગૃતિની કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

આ તકે નાયબ નિયામક જીલ્લા સમાજ સુરક્ષા વિભાગના ડો.પ્રાર્થનાબેન સેરશીયા, જીલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.સી. મહિડા, જીલ્લા સમાજ સુરક્ષા કચેરીના પ્રોબેશન ઓફીસર વાણીયા ખાસ ઉપસ્થિત રહેલ હતા. આ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ મહેન્દ્રભાઈ પરમાર તથા સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી.

# કુંકાવાવ તાલુકા પંચાયત પ્રમુખના પતિદેવ અને વર્તમાન સરપંચ વચ્ચે ધીંગાણું

## જૂની અદાવતમાં તોરીના સરપંચ અને પૂર્વ સરપંચ બાખડ્યા, ખુરશીઓ ઊછળી અને બચકાં ભર્યાં : બંને નેતાઓ વડિયા સીવીલ હોસ્પિટલમાં દાખલ, રાજકીય માહોલ ગરમાયો





(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના વડિયા કુંકાવાવ તાલુકાના તોરી ગામના પૂર્વ સરપંચ સોનલબેન પાનસુરીયા તાલુકા પંચાયત ચૂંટણી માં વિજેતા બનતા તેની કુંકાવાવ તાલુકા પંચાયત ના પ્રમુખ તરીકે વરણી થતા તોરી ગામના સરપંચ પદનો ચાર્જ ઉપ સરપંચ પરેશભાઈ કોટડીયા ને સોપાવામાં આવતા હાલ તોરી ગ્રામપંચાયત નુ સુકાન તેઓ સંભાળી રહ્યા છે. બપોર બાદ ના સમયે તોરી ગામમાં વિકાસ કર્યો ચાલતા હોવાથી તાલુકા પંચાયત પ્રમુખ ના પ્રતિનિધિ યોગેશભાઈ પાનસુરીયા અને સરપંચ પરેશભાઈ કોટડીયા તોરી ગામે હાજર હતા ત્યારે બંને વચ્ચે ગ્રામપંચાયત ખાતે ધીંગાણાની ઘટના ઘટી હતી અને ગ્રામપંચાયત કચેરીમાં બંને નેતાઓ વચ્ચે ખુરશીઓ ઉડી હતી અને બટકા ભર્યા ની ઘટનાઓ સામે આવી હતી. આ બાબત ની જાણ સ્થાનિકોને થતા મામલો વધુ ગરમાયો હતો. બંને નેતાઓ ધીંગાણા માં ઈજાગ્રસ્ત થતા ૧૦૮ મારફતે વડિયા સીવીલ હોસ્પિટલ માં સારવાર અર્થે ખાસેડવામાં આવ્યા હતા. આ બાબતની જાણ વડિયા પોલીસને થતા તે પણ ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથધરી હતી. જોકે સરપંચ પરેશભાઈ કોટડીયા ને વધુ ઈજાઓ થતા તેમને વધુ સારવાર અર્થે જેતપુર રીફર કરવામા આવ્યા હતા. આ તકે બંને નેતાઓના જગડાના સમાચાર સમગ્ર પંથક માં ફેલાતા વડિયા સીવીલ હોસ્પિટલ ખાતે બંને નેતાઓના સમર્થકો ઉમટ્યા હતા.

# રાજકોટમાં કારખાનામાંથી કોપર વાયર ચોરીનું આળ મૂકી શ્રમિકની હત્યા

## મજૂરને કારખાનેદાર સહિત નવ શખ્સોએ ધોકા- પાઇપથી ઢોર માર મારતા નીપજ્યું મોત



રાજકોટ,

રાજકોટ શહેરના કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મઘરવાડા ગામની હદમાં કાવ્યા એલોય પ્રાઈવેટ લિમિટેડ નામના કારખાનામાં એક અત્યંત ચોંકાવનારી અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. કારખાનામાંથી કોપરનો વાયર ચોરી કરી જવાના મામલામાં શંકા રાખીને કારખાનાના મેનેજર, શેઠના પુત્ર અને અન્ય કર્મચારીઓ દ્વારા એક શ્રમિક યુવક પર અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો. આઘાતજનક બાબત એ છે કે યુવકને કારખાનાના ગેઈટ પાસે ખાટલા પર ઊંધો સુવડાવીને દોરડાથી બાંધી દેવામાં આવ્યો હતો અને ત્યારબાદ પ્લાસ્ટિકની નળી તેમજ મશીનના પટ્ટાઓથી બેરહેમીપૂર્વક ઢોર માર મારવામાં આવ્યો હતો,જેના કારણે ગંભીર ઈજાઓ થવાથી યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે હત્યાનો ગુનો નોંધીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

ફરીયાદી સર્વેશ સુશીલકુમાર ચૌહાણ (ઉ.વ. ૨૦) કે જેઓ મઘરવાડા ખાતે કાવ્યા એલોય કારખાનામાં મજૂરી કામ કરે છે, તેમણે પોલીસ સમક્ષ જણાવ્યું હતું કે તેમના ભાઈ ચંદ્રવીર ભગવતી ચૌહાણ (ઉ.વ. ૪૦) પણ તે જ કારખાનામાં નોકરી કરતા હતા. ગત ૨૧ જુલાઈ ૨૦૨૬ના રોજ રાત્રિના આઠેક વાગ્યાના અરસામાં ચંદ્રવીર કામ પૂરું કરીને રાજકોટ જવાનું કહીને બહાર નીકળ્યા હતા. ત્યારબાદ રાત્રિના દોઢેક વાગ્યાના સુમારે કારખાનાના મેનેજર સનીભાઈ રૈયાણી અને પાર્થભાઈ હાપલીયા ફરિયાદીની ઓરડી પર આવ્યા હતા અને તેને મોટરસાયકલ પર બેસાડીને કુવાડવા ગામ તરફ લઈ ગયા હતા. રસ્તામાં એક દુકાન પાસે ચંદ્રવીર બેઠેલા હતા અને તેમની પાસે તપાસ કરતા આશરે ૩૫ કિલો વજનનો કોપરનો તાર ભરેલો પ્લાસ્ટિકનો કોથળો મળી આવ્યો હતો. આ માલ ચોરીનો હોવાનું માનીને તેઓ ચંદ્રવીરને પરત કારખાના પર લઈ આવ્યા હતા અને ગાભા ખાતામાં મૂકી દીધા હતા.

બીજા દિવસે એટલે કે ૨૨ જુલાઈ ૨૦૨૬ના સવારે આઠ વાગ્યાના સુમારે જ્યારે ફરિયાદી કામે પહોંચ્યા ત્યારે કારખાનાના ગેઈટ પાસે રોડ પર શેઠ ભાવેશભાઈ લીંબાસીયાના પુત્ર સાહિલભાઈ, મેનેજર શનીભાઈ રૈયાણી, પાર્થભાઈ હાપલીયા, ડેનીશભાઈ હાપલીયા, સત્યમભાઈ ડોબરીયા, રમેશ સિદ્ધાર્થ, વિશાલ જાટપ, રાજુ ઠાકોર, મુન્ના વર્મા અને અન્ય અજાણ્યા શખ્સોએ ચંદ્રવીરને ખાટલા પર ઊંધો સુવડાવીને દોરડાથી બાંધી રાખ્યો હતો. આ તમામ લોકો ચંદ્રવીરને આડેધડ માર મારી રહ્યા હતા અને પૂછી રહ્યા હતા કે ચોરીમાં તેની સાથે અન્ય કોણ સામેલ હતું. ફરિયાદીએ ત્યાં પહોંચીને નિર્દોષતા જણાવી હતી અને આજીજી કરી હતી કે હવે વધુ માર ન મારશો નહિતર યુવકનું મોત થઈ જશે

# રાજકોટ જિલ્લામાં ચાંદીપુરા વાયરસની એન્ટ્રી: ગોંડલની બાળકી પોઝિટિવ

## ચાંદીપુરા વાયરસનો કેસ સામે આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ : બે શંકાસ્પદ દર્દીઓ દાખલ

રાજકોટ,

ગુજરાતમાં ચાંદીપુરા વાયરસનો પ્રકોપ વધ્યો છે. રાજકોટ જિલ્લા પણ આ વાયરસનો કેસ સામે આવતા આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યુ છે. ગોંડલના પાંચયાવદરની સંક્રમિત બાળકીની તબિયત લથડતાં તેને તાત્કાલિક ધોરણે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જ્યાં હાલ તબીબોની દેખરેખ હેઠળ તેની વિશેષ સારવાર ચાલી રહી છે. આ કેસ સામે આવ્યા બાદ રાજકોટ સિવિલ હોસ્પિટલનું તંત્ર પણ સજ્જ થઈ ગયું છે. હોસ્પિટલમાં ચાંદીપુરા વાયરસના લક્ષણો ધરાવતા વધુ બે શંકાસ્પદ દર્દીઓને પણ દાખલ કરવામાં આવ્યા છે અને તેમની પણ સઘન તપાસ તથા સારવાર શરૂ કરવામાં આવી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને રાજકોટ જિલ્લા આરોગ્ય વિભાગ તાત્કાલિક હરકતમાં આવી ગયું છે. સંક્રમિત બાળકીના ગામ એવા પાંચીયાવદળ ખાતે આરોગ્ય વિભાગની ટીમો દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. ગામમાં મચ્છરો અને જીવાતોના ઉપદ્રવને ડામવા માટે દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે તેમજ ઘર-ઘર સર્વે કરીને શંકાસ્પદ દર્દીઓની શોધખોળ અને સેમ્પલ લેવાની કામગીરી પણ પૂરઝડપે ચાલી રહી છે. આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેન્ડફલાય (રેતીની માખી) ના કરડવાથી ફેલાય છે અને ખાસ કરીને નાના બાળકોને ઝડપથી પોતાની ચપેટમાં લે છે.

આ વાયરસના લક્ષણોમાં અચાનક તાવ આવવો, ઉલટી થવી, બેભાન થવું કે આંચકી આવવી જેવી બાબતો સામેલ છે. તંત્ર દ્વારા વાલીઓને અપીલ કરવામાં આવી છે કે બાળકોમાં કોઈપણ શંકાસ્પદ લક્ષણ જણાય તો તાત્કાલિક નજીકની સરકારી હોસ્પિટલમાં સંપર્ક કરવો અને કોઈપણ પ્રકારની બેદરકારી ન દાખવવી. વહીવટી તંત્ર દ્વારા આ રોગચાળો વધુ ન ફેલાય તે માટે તમામ જરૂરી નિવારક પગલાં લેવામાં આવી રહ્યા છે.

# રાજકોટ-જામનગર હાઇવે ઉપર જુગાર ક્લબ ઝડપાઇ: છ જુગારીઓની ધરપકડ

## પોલીસે પડધરી, ગોંડલ અને શાપર-વેરાવળમાં જુગારના ચાર દરોડામાં ૨૭ શખ્સોની ધરપકડ



રાજકોટ,

રાજકોટ જીલ્લામાં પોલીસે અલગ અલગ ચાર સ્થળે દરોડા પાડ્યા હતા.જેમાં પડધરી,ગોંડલ અને શાપર-વેરાવળમાં ચાર દરોડામાં કુલ ૨૭ શખ્સોની જુગાર રમતા ધરપકડ કરી રોકડ સહીત રૂ.૬.૮૪ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. એલસીબીની ટીમે પાડેલા જુગારના દરોડામાં રાજકોટ-જામનગર હાઈવે ઉપર ચૌકીધાણી હોટલ પાછળ આવેલ એક મકાનમાં ચાલતી જુગાર ક્લબ ઉપર પોલીસે દરોડો પાડી છ શખ્સોને ઝડપી લીધા હતા. રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિપ્ત રાય અને પોલીસ અધિક્ષક વિજય સિંહ ગુર્જરની સૂચના હેઠળ જીલ્લામાં જુગારના અડ્ડાઓ ઉપર દરોડા પાડવા આપેલી સુચના અન્વયે એલ.સી.બી. પીઆઈ જે.પી. રાવના માર્ગદર્શન માં રાજકોટ-જામનગર હાઈવે ઉપર તરઘડી ગામની સીમમાં ચૌકીઢાણી હોટલ પાછળ આવેલ ગોલ્ડન એંકર સોસાયટીના પ્લોટ નં. [illegible] ગીરીશભાઈ કાનજીભાઈ ફડદુના મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન સ્થળ પરથી ૬ આરોપીઓ જુગાર રમતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા. જેમાં ગીરીશભાઈ કાનજીભાઈ ફડદુ (રહે. ભવનાથ પાર્ક, મવડી, રાજકોટ) , મનસુખભાઈ હીરાભાઈ વોરા (રહે. સંસ્કાર સીટી, મવડી, રાજકોટ) , નીલેશભાઈ મણીલાલ પાટડીયા (રહે. મીલપરા, રાજકોટ) , નીતીનભાઈ ગોવીંદભાઈ રામાણી (રહે. હરીઘવા રોડ, રાજકોટ) , નરશીભાઈ બાબુભાઈ ગઢીયા (રહે. મવડી રોડ, રાજકોટ) અને [illegible] બાવાલાલ પરસાણા (રહે. કોઠારીયા રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી. એલસીબીની ટીમે સ્થળ પરથી રોકડા રૂ. ૧,૪૬,૧૦૦, ૭ નંગ મોબાઈલ ફોન અને એક બ્રેઝા કાર મળી કુલ રૂ. ૬,૩૬,૬૦૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. અન્ય ત્રણ દરોડામાં ગોંડલ રાજકોટ હાઈવે ઉપર ઉમવાડા ચોકડીથી રાજકોટ બાજુ જતા બાપાસિતારામ હોટલ પાસેથી હિતેશભાઈ શંભુભાઈ રૈયાણી , અમરશીભાઈ ઉર્ફે લાલો જેન્તીભાઈ મકવાણા , મનોજભાઈ હસમુખભાઈ પંડ્યા , દિનેશભાઈ બાવાભાઈ રૈયાણી અને અશોકભાઈ જસમતભાઈ પરમારની ધરપકડ કરી રૂ.૨૦ હજારની રોકડ કબજે કરી હતી.ત્રીજા દરોડામાં રીબડા રેલવે સ્ટેશન નજીક ધાર ની બાજુમા આવેલ સમૃધી ઈન્ડસ્ટ્રીજ એરીયા ઈશા એન્ટરપ્રાઈઝ નામના કારખાનાની બાજુમા જુગાર રમતા રિજવાન નૌશેખાન મુસ્લીમ,દિનેશ ધનજુદાસ સીંગ હેરબા ,ભરત દયાનંદ પ્રસાદ ,સુનીલ ગરીબરામ ચંદ્રવંશી ,બબલુભાઈ છોટક પ્રસાદ ,ઈકબાલ નૌસેખાનની રૂ.૧૮ હજારની રોકડ સાથે ધરપકડ કરી હતી.ચોથા દરોડામાં શાપર વેરાવળના પારડીગામ રીધ્ધીસીધ્ધી સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા ખેતાભાઈ મંગળભાઈ રાઠોડ, પરબતભાઈ કાળૂભાઈ ડવ, મગનભાઈ ચનાભાઈ પારઘી, દિનેશભાઈ મોહનભાઈ સોલંકી, દલાભાઈ મુળજીભાઈ રાઠોડ, ખેંગારભાઈ ઘેલાભાઈ પારઘી, મોહનભાઈ તેજાભાઈ પરમારની ધરપકડ કરી રૂ.૧૦૪૮૦ની રોકડ કબજે કરી હતી.

# રાજકોટમાં મહિલા તબીબને ‘ડિજિટલ અરેસ્ટ’ કરી રૂ. ૧૨. ૯૦ લાખ પડાવ્યા

## ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી અને મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓની ખોટી ઓળખ આપી હતી

રાજકોટ,

રાજકોટ શહેરમાં સાયબર માફિયાઓ દ્વારા ગુનાખોરીના નવા કીમિયા અપનાવીને સામાન્ય નાગરિકોને શિકાર બનાવવામાં આવી રહ્યા છે, જેમાં તાજેતરમાં જ રાજકોટના અયોધ્યા ચોક વિસ્તારમાં રહેતી એક મહિલા હોમિયોપેથિક તબીબને ’ડિજિટલ અરેસ્ટ’ કરીને તેમની પાસેથી રૂ. ૧૨.૯૦ લાખ પડાવી લેવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. કેવડાવાડી મેઈન રોડ પર આવકાર એપાર્ટમેન્ટ પાસે ક્લિનિક ચલાવતા રશ્મિબેન હેતલકુમાર શુક્લા (ઉ.વ. ૫૨) સાથે આ ગંભીર સાયબર ફ્રોડ આચરવામાં આવ્યું હતું. સાયબર માફિયાઓએ પહેલાં ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી અને બાદમાં મુંબઈ ક્રાઈમ બ્રાંચના અધિકારીઓની ખોટી ઓળખ આપીને તબીબને માનસિક દબાણમાં લાવી દીધા હતા અને તેમની સાથે લાખો રૂપિયાની ઠગાઈ આચરવામાં આવી હતી.

આ ઘટનાની વિગતવાર વાત કરીએ તો, ગત તા. ૦૯ ના રોજ સવારના સમયે રશ્મિબેન પર અનુજ અગ્રવાલ નામના અજાણ્યા શખ્સનો ફોન આવ્યો હતો. હિન્દી ભાષામાં વાત કરતા આ ઠગે પોતાને ઝછઈઅ ના સીનિયર એડવાઈઝરી ઓફિસર તરીકે ઓળખાવ્યો હતો અને જણાવ્યું હતું કે રશ્મિબેનના ઓળખ દસ્તાવેજોનો દુરુપયોગ કરીને મુંબઈના ચેમ્બુર વિસ્તારમાંથી એરટેલનું એક સિમ કાર્ડ કઢાવવામાં આવ્યું છે. આ સિમ કાર્ડનો ઉપયોગ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અને ફ્રોડ કરવા માટે થયો હોવાનું જણાવીને તેણે દાવો કર્યો હતો કે આ નંબર વિરુદ્ધ ચેમ્બુર ઈઈઈમાં ઘણી બધી ફરિયાદો મળી છે. આ ગંભીર મામલે મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં એફઆઈઆર પણ નોંધાઈ ચૂકી છે તેમ કહીને ઠગે તે કોલ મુંબઈ ક્રાઈમ બ્રાંચમાં ફોરવર્ડ કર્યો હતો, જ્યાંથી સમગ્ર છેતરપિંડીના નેટવર્કે ગતિ પકડી હતી.

મુંબઈ ક્રાઈમ બ્રાંચના નામે કોલ આગળ વધ્યા બાદ દેવી સિંઘ નામના વ્યક્તિએ ફોન સંભાળ્યો હતો અને દસ્તાવેજોની ચકાસણી બાબતે વાતચીત કરી હતી. ત્યારબાદ વોટ્સએપ પર કફેશન લખાવવા માટે વિડિયો કોલ આવશે તેમ કહીને ફોન કાપી નાખવામાં આવ્યો હતો. થોડા સમય બાદ વોટ્સએપ પર વિડિયો કોલ આવ્યો હતો અને સામેવાળા શખ્સે પોતાનું નામ વિજય ખન્ના હોવાનું જણાવી મુંબઈ ક્રાઈમ બ્રાંચમાંથી વાત કરતો હોવાનો દાવો કર્યો હતો. આ વિડિયો કોલમાં માત્ર મુંબઈ ક્રાઈમ બ્રાંચનો લોગો જ દેખાતો હતો અને કોઈ વ્યક્તિ નજરે પડતી નહોતી. આ ઠગે રશ્મિબેન પર દબાણ વધારતા જણાવ્યું હતું કે તેમના દસ્તાવેજોનો ઉપયોગ કરીને કેનરા બેંકમાં ખાતું ખોલવામાં આવ્યું છે, જેનો ઉપયોગ મોટા પાયે ફ્રોડ અને મની લોન્ડરિંગમાં થયો છે. આ કેસમાં નરેશ ગોયેલ નામના શખ્સને પકડવામાં આવ્યો છે અને તેના ઘરેથી રશ્મિબેનના નામવાળા એટીએમ કાર્ડ મળી આવ્યા છે તેમ કહીને ડરાવવામાં આવ્યા હતા. આ સમગ્ર મામલે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને આગળની સઘન તપાસ શરૂ કરવામાં આવી છે.

# રાજકોટના શાપરમાં પ્રેમલગ્ન કર્યા બાદ ધમકી મળતા પ્રેમી પંખીડાએ આપઘાતનો પ્રયાસ કર્યો

## પત્નીને સારવારમાં લાવનાર પતિએ પણ સસરાથી કંટાળી એસિડ ગટગટાવી લીધું



રાજકોટ,

રાજકોટના શાપરમાં પ્રેમલગ્ન કરનાર યુવતીને તેના પિતાએ ઝઘડો કરી ધમકી આપતાં યુવતીએ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. પત્નીને સારવાર અર્થે લાવનાર પતિએ પણ ધમકીથી કંટાળી જઈ એસિડ ગટગટાવી લીધું હતું. પ્રેમ પંખીડાને ઝેરી અસર થતાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતાં.આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, શાપરમાં શિતળા માતાજીના મંદિર પાસે રહેતી અંજલીબેન સુનિલભાઈ સોલંકી નામની ૧૯ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. પરિણીતાને ઝેરી અસર થતાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવી હતી. જે દરમિયાન સુનિલ સોલંકીએ પણ હોસ્પિટલમાં એસિડ ગટગટાવી લેતાં તેને પણ સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો હતો. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતાં શાપર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પુછપરછમાં અંજલીબેન સોલંકી મુળ ઉતર પ્રદેશની વતની છે અને સુનિલ સોલંકી શાપરનો વતની છે. બન્ને સાથે કામ કરતાં હતાં ત્યારે બન્નેની આંખ મળી જતાં બન્ને વચ્ચે પ્રેમ પાંગર્યો હતો. બન્ને પ્રેમી પંખીડાએ એક મહિના પૂર્વે જ પ્રેમ લગ્ન કરી લીધા હતાં. અંજલીબેનના પિતા દેવરાજભાઈ દારૂ પી ઝઘડો કરી અંજલીબેનને મારકુટ કરી ધમકી આપતાં હોવાથી અંજલીબેને ઝેરી દવા પી લીધી હતી. પત્નીને સારવારમાં લાવનાર પતિએ પણ સસરાથી કંટાળી એસિડ ગટગટાવી લીધું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં માલધારી હોટલ પાસે જૂના ટાયરોની આડમાં ટ્રકમાં છુપાવેલ ત્રણ લાખનો વિદેશી દારૂ જપ્ત

## સંતકબીર રોડથી રાજારામ મેઈન રોડ પ્લાસ્ટિકના કેરબા – પાર્સલોમાં લઈ જવાતો રૂ. ૨.૫૦ લાકનો દારૂ કબ્જે



તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

. પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝાના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પી.સી.બી. ટીમે બે અલગ-અલગ સ્થળોએ દરોડા પાડીને ગેરકાયદેસર રીતે ઘુસાડવાના નેટવર્કનો પર્દાફાશ કરી રૂ.૫.૫૮ લાખની ૧૬૫૬ બોટલ વિદેશી દારૂ સાથે બે શખ્સોની ધરપકડ કરી કુખ્યાત બુટલેગર યાકુબ મોટાણી સહીત ચાર શખ્સોના નામ ખુલ્યા છે. બે દરોડામાં કુલ ૧૩.૧૮ લાખનો મુદ્દમાલ કબજે કર્યો છે.

શહેરમાં ઘુસાડવામાં આવેલ ઈંગ્લીશ દારૂનો મોટો જથ્થો પીસીબીએ ઝડપી પાડ્યો છે. પી.સી.બી.ના પી.આઈ એમ.આર. ગોંડલીયાના નેતૃત્વમાં હાથ ધરવામાં આવેલી આ સફળ કામગીરીમાં પહેલો દરોડામાં માલધારી હોટલ પાસે જૂના ટાયરોની આડમાં ટ્રકમાંથી દારૂ ઝડપી પાડ્યો હતો. કુવાડવા થી રાજકોટ તરફ આવતા હાઈવે રોડ પર માલધારી હોટલની સામે વોચ ગોઠવી પીસીબીની ટીમે અશોક લેલેન્ડ ટ્રક નંબર જીજે-૧૦-એક્સ-૮૬૨૧ ને રોકીને તલાશી લેતા દારૂને હેરાફેરીની ચોંકાવનારો મોડસ ઓપરેન્ડી સામે આવ્યો હતો. ટ્રકના વ્હીલ પ્લેટ સાથેના જૂના ટાયરોની આડમાં છુપાવીને લાવવામાં આવેલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આ દરોડામાં કુલ ૧,૨૦૦ બોટલ વિદેશી દારૂ કિંમત રૂ. ૩,૦૭,૨૪૮ અને રૂ. ૧૦ લાખની કિંમતનો અશોક લેલેન્ડ ટ્રક મળી કુલ રૂ. ૧૩,૧૫,૨૪૮ નો મુદ્દામાલ સાથે ભગવતીપરા, આશાબાપીરની દરગાહ પાસે રહેતા તોફીક દાઉદભાઈ પરમારને ઝડપી લીધો હતો. તેની પુછપરછમાં રાજકોટના મનીષ ઉર્ફે બાલી, સોહીલ ઉર્ફે ભાણો અને સાજીદ રાઉમાના નામ ખુલ્યા હતા.

પીસીબીના બીજો દરોડો ગોકુલ આવાસ યોજનાના ક્વાટર્સ સામે, સંતકબીર રોડથી રાજારામ મેઈન રોડ તરફ જતાં રસ્તા પર દરોડો પાડવામાં આવ્યો હતો.તપાસ દરમિયાન પ્લાસ્ટિકના કેરબા તથા પાર્સલોમાંથી દમણથી મોકલવામાં આવેલ ઈંગ્લીશ દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે અગાઉ પ્રોહીબિશનના અસંખ્ય ગુનાઓમાં પકડાઈ ચૂકેલા રાજકોટ શહેરના લિસ્ટેડ બુટલેગર યાકુબ મુસાભાઈ મોટાણી દ્વારા આ જથ્થો દમણ ખાતેથી મોકલવામાં આવ્યો હતો.

આ કાર્યવાહીમાં પીસીબીએ વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની ૨ લીટરની મોટી બોટલો તેમજ ૧૮૦ એમ.એલ.ની બોટલો મળી કુલ ૫૬૪ બોટલ કિંમત રૂ. ૨,૫૧,૮૧૪ તેમજ એક એક્સેસ મોટરસાયકલ મળી કુલ રૂ. ૩,૦૧,૮૧૪ નો મુદ્દામાલ કબ્જે કરી બજરંગવાડી, પુનીતનગર શેરી નં. ૧, ફળેશ્વર મહાદેવ મંદિર પાસે રહેતા ગેરેજની મજૂરી કરતા નિહાલ જાકીરભાઈ બેલીમની ધરપકડ કરી હતી.તેની પુછપરછમાં આ દારૂ મોકલનાર બજરંગવાડીના કુખ્યાત બુટલેગર યાકુબ મુસાભાઈ મોટાણીનું નામ ખોલ્યું હતું.

આ કામગીરી પી.સી.બી.ના પી.આઈ એમ.આર.ગોંડલીયા સાથે પીએસઆઈ પી.બી.ત્રાજીયા, આર.કે.જાડેજા, એ.એસ.આઈ. મયુરભાઈ પાલરીયા, સંતોષભાઈ મોરી, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો.હેડ.કોન્સ. કિરતસિંહ ઝાલા, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, ઉમેશભાઈ ચાવડા, દિલીપભાઈ બોરીચા, રાહુલગીરી ગૌસ્વામી, નગીનભાઈ ડાંગર, હિરેનભાઈ સોલંકી, પ્રદીપસિંહ સરવૈયા, યુવરાજસિંહ રાણા, દેવરાજભાઈ કળોતરા, વાલજીભાઈ જાડા, હિરેન્દ્રસિંહ પરમાર, વિશાલભાઈ દવે, જયેશભાઈ ગઢવીએ કરી હતી.

# રાજકોટના રૈયાગામ સ્મશાન પાસે જુગાર રમતા નવ શખ્સો ઝડપાયા

## શિવધામ સોસાયટીમાં મકાનમાં જુગાર રમતા મકાન માલિક સહિત છ પકડાયા

રાજકોટ,

રાજકોટ શહેરમાં રૈયાગામ સ્મશાન પાસે અને કોઠારિયા રોડ પર શિવધામ સોસાયટીમાં પોલીસે બાતમીના આધારે જુગારના દરોડો પાડી પતા ટીંચતા ૧૫ શખ્સોને રૂા.૪૩૦૦૦ની રોકડ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ એલસીબી ઝોન-૨ના એએસઆઈ એચ.જે.જાડેજા, હેડકોન્સ્ટેબલ સત્યજીતસિંહ જાડેજા, સહદેવસિંહ જાડેજા, શિવભદ્રસિંહ ગોહીલ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન રૈયાગામ સ્મશાનની સામે આવેલા ખોડીયાર નગર શેરી નં.૨માં જાહેરમાં જુગારધામ ચાલતુ હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી પતા ટીંચતા નિકુલ લક્ષ્મણભાઈ મેરીયા, શૈલેષ ગોવિંદભાઈ મકવાણા, મનીષ રમેશભાઈ ટોળીયા, નરેશ મનુભાઈ પરમાર, હારૂન ઉમરભાઈ પરમાર, રવિ માલદેભાઈ ગોહીલ, યશવંત લાલજીભાઈ મેરીયા, વિજય મગનભાઈ રાઠોડ અને વિશાલ દેવજીભાઈ મેરીયાને ઝડપી લઈ પટમાંથી રૂા.૨૧,૫૩૦ની રોકડ કબજે કરી હતી.

બીજા દરોડામાં પીસીબીના પીએસઆઈ પી.બી.ત્રાજીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન કોઠારિયા રોડ પર રણુજા મંદિર પાછળ આવેલી શિવધામ સોસાયટી શેરી નં.૩માં રહેતો જય તન્ના નામનો શખ્સ પોતાના રહેણાક મકાનમાં જુગારધામ ચલાવતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી જુગાર રમતા મકાન માલિક જય ચંદ્રેશભાઈ તન્ના ઉપરાંત સાહનવાઝ હુશેનભાઈ સૈયદ, રવિ ગોવિંદભાઈ પારગી, પાર્થ ગીરીશભાઈ સોઢા, રવિ શિવરામભાઈ મહેતા અને રાણા રાવતભાઈ ચાવડાને ઝડપી પાડી રૂા.૨૧,૨૫૦ની રોકડ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટના ભગવતીપરા પરિણીતાના આપઘાતના બનાવમાં સાસરિયા સામે ગુનો નોંધાયો

## મૃતક યુવતીના પિતાની ફરિયાદ આધારે પતિ, સાસુ અને નણંદ વિરુદ્ધ પોલીસે નોધ્યો ગુનો

રાજકોટ,

રાજકોટના ભગવતીપરા વિસ્તારમાં આવેલી રઝીયા મદ્રેસાની સામે નંદનવન-૦૧ ની સામેની શેરીમાં એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં લગ્નના માંડ પાંચ જ મહિના વીત્યા બાદ એક ૨૨ વર્ષીય યુવતીએ પોતાના જ ઘરમાં ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું હતું.પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતક રૂમાનાબેનના લગ્ન ગત તા.૦૮/૦૨ના રોજ સમાજના રીતિ-રિવાજ મુજબ સલીમભાઈ ઈબ્રાહીમભાઈ બાવનકા સાથે થયા હતા. લગ્ન સમયે બંને પરિવારોમાં ખુશીનો માહોલ હતો, પરંતુ આ ખુશી લાંબો સમય ટકી શકી નહીં. લગ્નના માત્ર ત્રણ મહિના બાદથી જ સાસરી પક્ષ દ્વારા યુવતી પર અસહ્ય ત્રાસ ગુજારવામાં આવતો હતો. પતિ સલીમભાઈ, સાસુ શરીફાબેન અને નણંદ અફશાનાબેન દ્વારા ઘરમાં નાની-નાની બાબતોમાં ભૂલો કાઢીને અવારનવાર ઝઘડા કરવામાં આવતા અને મેણા-ટોણા મારવામાં આવતા હતા. રૂમાનાબેનને ઘરનું કામકાજ બાબતે સતત શારીરિક તથા માનસિક ત્રાસ આપવામાં આવતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. જ્યારે યુવતી આ બાબતની ફરિયાદ પોતાના પતિને કરતી, ત્યારે પતિ સલીમ પણ તેનો પક્ષ લેવાને બદલે તેને ચૂપ રહેવા જણાવતો અને હાથાપાઈ કરતો હતો.પિતા મહમદભાઈ અને તેમના પત્નીએ સાસરી પક્ષને સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે તેમની દીકરીને ખૂબ ત્રાસ આપવામાં આવી રહ્યો છે અને જો આમ જ ચાલુ રહેશે તો તે મૃત્યુ પામશે, તેથી તેઓ તેને પિયર લઈ જવા માગે છે. પરંતુ આશ્ચર્યજનક અને અત્યંત ક્રૂર વાત તો એ છે કે સાસુ શરીફાબેન અને નણંદ અફશાનાબેને ઉદ્ધતાઈપૂર્વક જવાબ આપ્યો હતો કે તેમની દીકરી નકામી છે અને જો તે મરી જાય તો પણ તેમના ઘરમાં જગ્યા ઓછી થશે.આટલું જ નહીં, પતિ સલીમે પણ પિતાને ધક્કો મારીને ઘરની બહાર કાઢી મૂક્યા હતા અને દરવાજો બંધ કરી દીધો હતો, જેના કારણે માતા-પિતા પોતાની દીકરીને ત્યાંથી સુરક્ષિત રીતે પાછા લાવવામાં અસમર્થ રહ્યા હતા.